**સુવિચાર**
રોજ સવારે એક નવો વિચાર મનુષ્યની રાહ જોતો હોય છે. જીવન એવું જીવો જેમાંથી બીજાને જીવવાની પ્રેરણા મળે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૬/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૬૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## બહુત હુઈ મહેંગાઈ કી માર, આમ આદમી બના લાચાર

# અમરેલી જિલ્લા સહિત દેશભરમાં ટમેટાનાં ભાવ આસમાને

**ડો. મનમોહનસિંગનાં કાળમાં મોંઘવારી સામે મોં ફાડીને બોલતા નેતાઓ આજે મોંઘવારીનો 'મ' બોલવા તૈયાર નથી**

**૧૦ વર્ષ પહેલાની મોંઘવારી સરકારની અણઆવડ અને હાલની મોંઘવારી માટે જનતા જવાબદાર અને સરકાર નિર્દોષ હોવાનો દાવો**

**જનતા જનાર્દનને બિનજરૂરી મુદ્દાઓમાં ભટકાવીને મત મળી જતાં હોવાથી સરકારને મોંઘવારી કે બેરોજગારીની ચિંતા નથી**

**ટમેટાનો ભાવ અમરેલીમાં ૧૫૦ આસપાસ હોય સરકાર કયાં ઊંઘી રહી છે તે જનતાને સમજાતું નથી**



અમદાવાદ, તા. ૨૮

ચારેબાજુ મોંઘવારી અને સતત ભાવ વધારાથી ગુજરાતની જનતા પીસાઈ રહી છે. ત્યારે "અચ્છે દિન અને "બહુત હુઈ મહેંગાઈ કી માર" જેવા જુઠા સુત્રો આપતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ચોમાસાનો પ્રારંભ થતાં જ શાકભાજીની કિંમતોમાં ધરખમ વધારાને કારણે ગૃહિણીઓ, સામાન્ય–મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું છે. ટમેટા અને શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થતાં ગૃહિણીઓને રોજ શું બનાવવું તેની ચિંતા વધી છે. ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગે શું ખાવું ? તે પ્રશ્ન છે.

મોંઘવારીનાં મારથી લડવા ભાજપ સરકારનું નવું સુત્ર "ઓછુ બનાવો ઓછું ખાવો, ભાષણથી ભૂખ મિટાવો" હોય તે રીતે જીવન જીવવું મુશ્કેલ બનાવી દીધું છે. ટમેટાની કિંમત પ્રતિ કિલો ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. જયારે એક કિલો આદુની કિંમત ૩૦૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. કોથમીરની કિંમત ૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત રીંગણા, ભીંડો, કારેલા સહિત અન્ય શાકભાજીના ભાવમાં પણ કિલોએ રૂા. ૧૦થી ૨૦નો વધારો થયો છે. બેફામ મોંઘવારીમાંથી જનતાને કયારે મુકિત મળશે ? કૂદકે–ભૂસકે વધી રહેલી મોંઘવારી–બેરોજગારી

**અનુસંધાન પાના ૬ ઉપર**

| ક્રમ | વસ્તુ | જુનો ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| ૧ | તુવેર દાળ (પ્રતિ કિલો) | ૧૧૦ | ૧૫૦ |
| ૨ | અડદ દાળ (પ્રતિ કિલો | ૧૪૦ | ૨૦૦ |
| ૩ | મસુર દાળ | ૬૦ | ૮૫ |
| ૪ | ચણા દાળ | ૪૯ | ૬૫ |
| ૫ | કાબુલી ચણા | ૧૦૦ | ૧૨૫ |
| ૬ | રાજમા | ૧૦૦ | ૧૩૫ |
| ૭ | જીરૂ | ૨૮૦ | ૭૦૦ |
| ૮ | લાલ મરચા | ૩૧૦ | ૪૩૫ |

## એક તરફ વરસાદ અને બીજી તરફ સફાઈનાં અભાવથી પરેશાની

# અમરેલી શહેરમાં જાહેર માર્ગોથી લઈને અંતરિયાળ ગલીઓ સુધી વ્યાપકપણે સફાઈ અભિયાન જરૂરી


## યુધ્ધનાં ધોરણે સફાઈ કરી દવા છંટકાવ જેવી કામગીરી કરવી પડશે





અમરેલી, તા. ૨૮

અમરેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકા નિષ્ક્રીય હોય તેમ યોગ્ય સફાઈ ન થતી હોવાને કારણે ઠેક ઠેકાણે કચરાનાં ઢગલા જોવા મળી રહ્યાં છે. અમરેલી શહેરની મુખ્ય બજાર ટાવર રોડ, લાઠી રોડ, ચિતલ રોડ, માણેકપરા વિસ્તારમાં સફાઈ કામગીરીનાં અભાવે કચરાનાં ગંજ જામ્યા છે. જેના કારણે શહેરની રખડતી ગાયો અને આખલા આ કચરાને આરોગી રહ્યાં છે. બીજી તરફ અહીથી પસાર થતાં રાહદારીઓ, વાહનચાલકોને પણ આ દુર્ગંધનો સામનો કરવો પડે છે. સમસ્યા માત્ર કોઈ એક વિસ્તાર પુરતી જ નહી અનેક રેસીડેન્સ વિસ્તાર સહિતનાં મુખ્ય માર્ગો પર આ પ્રકારની સમસ્યા વધુ જોવા મળી રહી છે. જયારે અહી સરકારી અધિકારીઓ અને રાજકીય લોકો પણ અવારનવાર અહીથી પસાર થતાં જોવા મળી રહ્યાં છે. તેમ છતાં પણ આ કચરાના ઢગલાઓ કે ગંદકી દૂર કરવામાં આવતી નથી. જેના કારણે શહેરીજનોને નગરપાલિકાનાં સત્તાધીશો સામે નારાજગીનો માહોલ ઉભો થયો છે. શહેરની સફાઈ માટે નગરપાલિકા નવારનવાર દાવાઓ વારંવાર કરતી આવી છે પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.



નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
વાહન અકસ્માત યોજના
અંતર્ગત કોઈ પણ જાતના ફ્રેકચર માટે એકસીડન્ટના પ્રથમ ૪૮ કલાક દરમિયાન ઓપરેશન સહિતની સારવાર તદ્દન ફ્રી મળશે.
24/7 Emergency Services
હવે...અમરેલીમાં ઓર્થોપેડીક નિષ્ણાંત ડૉકટરો દ્વારા સચોટ નિદાન
ઇમરજન્સી માટે સંપર્ક કરો 99789 66629, 99045 93355
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેકટ નંબર : ૯૪૨૭૭૨ ૪૯૨૫૬ - ૯૯૨૫૬ ૯૦૦૫૫
જોઈએ છે
(૧) કમ્પ્યુટર ઓપરેટર – ૦૨
(૨) કલાર્ક – ૦૨
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.



Sheetal
• દૂધ • દહીં • છાશ
• બટર • પનીર • ઘી • શ્રીખંડ
• ફ્લેવર્ડ મિલ્ક • કેરીનો રસ
• કેસર ડ્રાયફ્રુટ બાસુંદી
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

## ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાતમાં જણાવતા ઉધોગપતિ

# અમરેલીની શાંતાબા હોસ્પિટલની સુવિધામાં વધારો કરાશે : અશોક ગજેરા

**ડાયમંડ કિંગ વસંત ગજેરાનાં લઘુબંધુ અને રાજય અને મુંબઈનાં જાણીતા ઉધોગપતિ અશોક ગજેરાએ દર્દીનારાયણનાં હિતની ચિંતા કરી**

**અમરેલીની ધરતી એ તેઓની માતૃભૂમિ હોય તેનાં રહેવાસીઓને આરોગ્યલક્ષી શ્રેષ્ઠ સુવિધા આપવાનો નિર્ધાર**

**શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં વધુને વધુ સુવિધા આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરવાની ખાત્રી ઉચ્ચારી**

**જિલ્લાનાં ગરીબ દર્દીઓને અન્ય શહેરોમાં સારવાર અર્થે જવું ન પડે તે માટે જે કાંઈ કરવું પડશે તે કરાશે**

અમરેલી, તા. ૨૮

અમરેલીની શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં વધુમાં વધુ શ્રેષ્ઠ સારવાર મળી રહે, જિલ્લાનાં ગરીબ દર્દીઓને અન્ય મહાનગરોમાં જવાને બદલે સ્થાનિક સ્તરે જ શ્રેષ્ઠ સારવાર મળી રહે તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવશે.

''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત દરમિયાન તંત્રી મનોજ રૂપારેલ સાથે



તેઓએ વિસ્તૃત ચર્ચા કરતા જણાવેલ કે તેઓ માત્ર ૧ વર્ષનાં હતા ત્યારે પરિવાર સાથે અન્ય શહેરમાં જતાં રહ્યા બાદ તેમનો પરિવાર આજે સુરત અને મુંબઈ ખાતે વસવાટ કરી રહ્યો છે. પરંતુ માતૃભૂમિ માટે કંઈક કરી છુટવાની ભાવના છે અને તેને લીધે જ અમરેલી ખાતે મેડિકલ કોલેજનું નિર્માણ કરીને જનરલ હોસ્પિટલનું સંચાલન સંભાળેલ છે. કોઈપણ પ્રકારનો આર્થિક લાભ મેળવવાનો હેતુ નથી માત્રને માત્ર ગરીબ દર્દીનારાયણની સેવા થાય તે માટે કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી એ નાનું શહેર હોવાથી નિષ્ણાંત તબીબો અને નિષ્ણાંત ટેકનીશ્યનની ઉણપ રહે છે છતાં પણ બનતા તમામ પ્રયાસ કરીને તમામ પ્રકારનાં નિષ્ણાંતોની નિમણૂંક કરાશે. તબીબી સાધનો વસાવાશે, નિયમિત, સોનોગ્રાફી, એમઆરઆઈ જેવી સુવિધાઓ વધારાશે અને સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબોને પણ અમુક દિવસોમાં બોલાવવામાં આવશે અને દર્દીનારાયણનાં આરોગ્ય માટે ગંભીરતાથી કાર્ય કરાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આ તકે તેઓની સાથે યુવા અગ્રણી હાર્દિક સેંજલીયા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

### પંચાયતનાં ના.કા.ઈ.ને પત્ર પાઠવીને રજૂઆત

## રાજુલાનાં માર્કેટયાર્ડનાં દરવાજા નજીક પડેલ ભુવાથી વેપારીઓમાં નારાજગી

**સમસ્યાનું નિરાકરણ ન થાય તો આંદોલનની ચીમકી**

રાજુલા, તા. ૨૮

રાજુલાનાં માર્કેટયાર્ડનાં દરવાજાથી પશ્ચિમે, છતડીયા રોડ ઉપર સીમેન્ટ રોડમાં મોટો ખાડો જે તે સમયે રોડ બન્યો ત્યારે રહી ગયેલ છે. જેમાં વરસાદની ઋતુ હોવાથી પાણી ગોઠણ સુધીનું રોડ ઉપરનાં ખાડામાં ભરાય છે.

જેમાં વાહનો ચાલે તેનાથી પાણી ઉડીને દુકાનોમાં આવે છે. તેમજ રસ્તે ચાલતા રાહદારીઓને વાહનનાં કારણે વરસાદી પાણી ઉડે છે. નાના વાહનો ચાલી શકતા નથી. આ માટે અગાઉ લેખિત રજૂઆત કરી છે. પણ આજ સુધી આ ખાડો પુરેલ નથી. થોડા ટાઈમ પહેલા રજૂઆતનાં અનુસંધાને કર્મચારી આવી જોઈને જતા રહેલ છે. ખાડો પુરવાનું કરેલ નથી. દર વરસે ચોમાસામાં પાણી ભરાવાથી



દુકાનદારો અને રાહદારીઓને પારાવાર મુશ્કેલી થાય છે. આ રોડ ઉપર અનેક સોસાયટીઓનો માનવ વસવાટ છે. અનેક સ્કૂલો, હોસ્પિટલ આવેલ છે, એસ.ટી. વર્કશોપ છે. જેનાથી અનેક વાહનોની અવરજવર આ રોડ પર હોય, ખાડામાં પાણી ભરાવાથી મોટી મુશ્કેલી દરેકને પડી રહી છે. વાહનો ચાલવાથી પાણી ઉડી દુકાનોમાં અને રાહદારીઓને ઉડે છે. જેના કાયમી ઉકેલ માટે આ ખાડો ડામરનો જીણી મેટલવાળો માલ નાંખી પુરી દેવા દરેકની માંગણી છે. અન્યથા આ માટે દરેક દુકાનદારોને રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડશે. તેવી ચીમકી વેપારીઓએ ઉચ્ચારી છે.

### સવારે ૯ કલાકે ઉપડતી ટ્રેનનો સમય ૬:૩૦નો કરાશે

## અમરેલીથી સોમનાથ મહાદેવ મંદિર જવા વેરાવળ સુધીની ટ્રેન વ્હેલી સવારે શરૂ કરાશે

**સાંસદ કાછડીયાએ રેલ્વે અધિકારીને રજુઆત કરી**

અમરેલી, તા. ૨૮

અમરેલી જીલ્લાના લોકોને આગામી શ્રાવણ માસ દરમ્યાન સોમનાથ મહાદેવના દર્શનઅર્થે યોગ્ય સમયે દૈનિક સવલત મળી રહે તે માટે વર્તમાનમાં ચાલતી અમરેલી–વેરાવળ ટ્રેનના સમયમાં ફેરફાર કરવા અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ જનરલ મેનેજર, વેસ્ટન રેલ્વે અને ડી.આર.એમ.ને લેખીત તેમજ ટેલીફોનીક રજુઆત કરેલ છે.

આ અંગે સાંસદે જણાવેલ છે કે, આગામી ૧૮મી જુલાઈથી પવિત્ર અધિક શ્રાવણ માસ બેસી રહયો હોવાથી ટાવર ચોક વેપારી એસોસીએશન, ચેમ્બર ઓફ કોમર્સ, ધારીની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ જીલ્લાના શ્રધ્ધાળુઓ તરફથી શ્રાવણ માસ દરમ્યાન અમરેલી – વેરાવળ ટ્રેન વહેલી



સવારે અમરેલીથી ઉપડી રાત્રે સમયસર પરત ફરે તે રીતે સોમનાથ આવવા જવા માટે ટ્રેનની વ્યવસ્થા થાય તે હેતુથી રજુઆત કરવામાં આવેલ હતી.

જેના અનુસંધાને વર્તમાનમાં સવારે ૦૯:૦૦ કલાકે ચાલી રહેલ અમરેલી–વેરાવળ ટ્રેન સવારે ૦૬:૩૦ કલાકે અમરેલીથી ઉપડે અને વેરાવળ થી બપોરે ૦૩:૦૦ કલાકે અમરેલી આવવા પરત ટ્રેન મળી રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવા અર્થે દ્વારા રેલ્વે વિભાગના સંબંધીત અધિકારીઓને લેખીત તેમજ ટેલીફોનીક રજુઆત કરવામાં આવેલ છે.

રજુઆતના અનુસંધાને આગામી તા.૧૫ જુલાઈથી અમરેલી જીલ્લાના શ્રધ્ધાળુઓ માટે સ્પેશયલ કેસમાં સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન અમરેલીના લોકો રાત્રે સમયસર પોતાના ઘરે પરત ફરી રહે તે મુજબ ટ્રેનનું સંચાલન કરવામાં આવશે. તેવી ડી.આર.એમ.એ બાહેંધરી આપેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.


### પીવાનાં પાણીની સમસ્યા દૂર થતાં

## અમરેલી : એન્જલ રેસીડેન્સીનાં રહેવાસીઓએ નાયબ દંડક કૌશિક વેકરિયાનો આભાર માન્યો

**પાલિકાની ટીમે ભારે જહેમત ઉઠાવી**

અમરેલી, તા. ૨૮

લાઠી રોડ ઉપર આવેલ એન્જલ રેસીડેન્સી ૧ અને ૨માં છેલ્લાં ૨ વર્ષથી પાણી આવતું ન હતું. કૌશિકભાઈનાં સુચનથી અમરેલી નગરપાલિકાનાં ચેરમેન સુરેશભાઈ શેખવા, નરેશભાઈ મહેતા તેમજ વોટર વર્કસનાં રવીરાજભાઈ તથા મધુભાઈ અને સમગ્ર ટીમ દ્વારા ઝડપી નિકાલ લાવવામાં સફળતા મેળવી. એન્જલ રેસીડેન્સીનાં મુકેશભાઈ ભટ્ટ(સોનલ ઓડીયો), પરેશભાઈ આચાર્ય તેમજ રાવતભાઈ, ડો. ચાવડા, ડો. મીત ચૌહાણ આ ટીમનાં સર્વ સભ્યનો હૃદયપૂર્વક આભાર માનેલ. આ નિમિત્તે



કૌશિકભાઈ વેકરીયાને મુકેશભાઈ ભટ્ટ(સોનલ ઓડિયો) તરફથી શ્રી નાગનાથ દાદાનો ફોટો અર્પણ કરી તેમનો આભાર વ્યકત કરેલ.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત

**નૂતન કોમર્સ કોલેજ–અમરેલી**

DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...



DMLT
B.Com
M.Com

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો

DMLT, B. Com, M.Com

જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ▪ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯

**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

**પ્રવેશની ઉત્તમ તક...**

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER - I | S.Y.B.Com. SEMESTER - III | T.Y.B.Com. SEMESTER - V | M.Com. SEMESTER - I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦ | વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી | શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org












### સમગ્ર દેશમાં મેઘરાજાની મહેર, કેટલાક ભાગમાં અવિરત વરસાદ

# ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ૫ દિવસ ભારે વરસાદની આગાહી

## દેહરાદૂન તેમજ ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જારી : એસડીઆરએફ-એનડીઆરએફ એલર્ટ

નવી દિલ્હી, તા.૨૮

દેશભરમાં મેઘરાજા રિઝ્યા છે અને તેમની મહેર કરી રહ્યા છે. દેશના કેટલાક ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ થઈ રહ્યો છે, જેને ધ્યાનમાં લઈને ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત કેટલાક રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.''આગામી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાખંડમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ થવાની સંભાવના છે,'' એમ આઈએમડીદ્વારા જારી કરવામાં આવેલા બુલેટિનમાં જણાવાયું છે.

ઉત્તરાખંડમાં ૫ જુલાઈ સુધી મોનસૂન એલર્ટઃ- હવામાન વિભાગે સમગ્ર ઉત્તરાખંડમાં ૫ જુલાઈ સુધી મુશળધાર વરસાદની આગાહી કરી છે. આગામી દિવસોમાં દેહરાદૂન તેમજ ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર બિક્રમ સિંહે વરસાદ દરમિયાન મુસાફરી ટાળવાની અપીલ કરી છે. દરમિયાન ઉત્તરાખંડ પ્રશાસન ભારે વરસાદને જોતા એલર્ટ પર છે.

અધિક પોલીસ મહાનિર્દેશક (એડીજી) કાયદો અને વ્યવસ્થા, વી મુરુગેસને જણાવ્યું છે કે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની ટીમો અમરનાથ યાત્રાના રૂટ પર તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.

''એસડીઆરએફ અને એનડીઆરએફ સંપૂર્ણ એલર્ટ પર છે અને તેમને કોઈપણ સંભવિત ઘટનાનો સામનો કરવા માટે તેમને સૂચનાઓ આપવામાં આવી છે,'' એમ એડીજીએ જણાવ્યું હતું. રાજ્યભરમાં ભારે વરસાદને જોતા હવામાન વિભાગે રાજ્યના આઠ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હિમાચલમાં ૧ જુલાઈ સુધી ભારે વરસાદની ચેતવણીઃ- હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ ચાલુ છે અને હવામાન વિભાગે ૨૮ અને ૨૯ જૂનના રોજ છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી જારી કરી છે. આ સાથે જ ૩૦ જૂન અને ૧ જુલાઈએ વાવાઝોડા અને વીજળીની ચેતવણી પણ આપવામાં આવી છે.

આ વિસ્તારના મુખ્ય સચિવે જણાવ્યું હતું કે પ્રવાસીઓને નદીઓ અને નાળાઓમાં જવાનું ટાળવા અને વિસ્તાર-વિશિષ્ટ માહિતી મેળવવા અને માર્ગદર્શિકાઓનું પાલન કરવા માટે તેમના મોબાઈલ ફોન પર આઈએમડીએપ્લિકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવી છે.

હિમાચલ કોંગ્રેસના અધ્યક્ષ પ્રતિભા સિંહે મંગળવારે કેન્દ્ર સરકારને વરસાદ અને પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીને ઝડપી બનાવવા માટે વિશેષ પેકેજ આપવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે રસ્તાઓ અને પાણીની યોજનાઓને નુકસાન ઉપરાંત પાકને પણ નુકસાન થયું છે.

હિમાચલમાં, છેલ્લા ૨૪ કલાકમાં, વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં (જેમાં ડૂબવું, ભૂસ્ખલન, માર્ગ અકસ્માત અને ઊંચાઈ પરથી પડી જવાનો સમાવેશ થાય છે) છ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે, એમ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (ઈઓસી) એ જણાવ્યું હતું. પહાડી રાજ્યને (૨૪ જૂનથી ૨૭ જૂન સુધી) ૧૬૪.૨ કરોડ રૂપિયાનું સંચિત નુકસાન થયું છે.

ગોવાના પણજીના કેટલાક ભાગોમાં પૂર આવ્યુંઃ- ગોવાની રાજધાની પણજીના અનેક ભાગોમાં મંગળવારે રાત્રે અવિરત વરસાદને કારણે પાણી ભરાઈ ગયા હતા. કોર્પોરેશન ઓફ સિટી ઓફ પણજી (સીસીપી)ના કામદારો કચરાથી અવરોધિત ગટરોને સાફ કરતા જોવા મળ્યા હતા. શહેરના મુખ્ય રોડ પરની અનેક દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. ગોવામાં ગયા સપ્તાહના અંતથી વરસાદ પડી રહ્યો છે.

પૂર્વ મહારાષ્ટ્રના ગોંદિયા, ભંડારા જિલ્લાઓમાં વરસાદઃ- પૂર્વી મહારાષ્ટ્રના ગોંદિયા અને ભંડારા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ થયો છે. વરસાદના પગલે પૂજારીટોલા ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા હતા. ગોંદિયાના કલેક્ટર ચિન્મય ગોતમારેએ નદી કિનારે રહેતા લોકોને સતર્ક રહેવા જણાવ્યું છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ ગુરુવાર સુધી મુંબઈ અને થાણે જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે પાલઘર અને રાયગઢ જિલ્લાઓ માટે સમાન સમયગાળા માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મુંબઈમાં બુધવારે છૂટાંછવાયાં સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ધારણા છે.

### સંસદનું ચોમાસુ સત્ર ૧૭ જુલાઈથી ૧૦ ઓગસ્ટે યોજાશે

# સંસદના ચોમાસુ સત્રમાં દિલ્હી માટેનો કેન્દ્રનો વટહુકમનો મુદ્દો ગાજશે

## યુનિફોર્મ સિવિલ કોડ બાબતે ગૃહમાં ઉગ્ર દલીલો થશે

નવી દિલ્હી, તા.૨૮

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સંસદનું ચોમાસુ સત્ર ૧૭ જુલાઈથી શરૂ થઈ શકે છે જે ૧૦ ઓગસ્ટ સુધી ચાલશે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ વખતે ચોમાસું સત્રમાં દિલ્હીમાં અધિકારીઓની બદલી અને નિમણૂક માટે કેન્દ્ર સરકારે લાવેલા વટહુકમનો મુદ્દો છવાયેલો રહેશે. આ ઉપરાંત યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ને બાબતે ગૃહમાં ઉગ્ર દલીલો સંભાળવા મળે એવી સંભાવના છે.

નોંધનીય છે કે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ દેશભરના વિપક્ષી નેતાઓને મળી રહ્યા છે અને વટહુકમ મુદ્દે તેમનું સમર્થન માગી રહ્યા છે. કોંગ્રેસે હજુ સુધી આ વટહુકમ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી, જેને લઈને આમ આદમી પાર્ટીએ પટનામાં વિપક્ષી દળોની બેઠકમાં રાહુલ ગાંધીને મતભેદો ભૂલીને સાથે આગળ વધવા કહ્યું છે. આપકોંગ્રેસને સમર્થન આપવા માટે સતત દબાણ કરી રહી છે.

આ સાથે સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી થઈ રહી છે. આ બેઠકો માટે ૨૪ જુલાઈએ ચૂંટણી યોજાશે. જેમાં પશ્ચિમ બંગાળની ૬, ગુજરાતની ૩ અને ગોવાની એક બેઠકનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળમાં, ડેરેક ઓ'બ્રાયન, ડોલા સેન, પ્રદીપ ભટ્ટાચાર્ય, સુષ્મિતા દેવ, શાંતા છેત્રી અને સુખેન્દુ શેખર રેનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટ સુધીમાં સમાપ્ત થાય છે.

તે જ સમયે, ગુજરાતમાંથી વિદેશ પ્રધાન એસ જયશંકર, દિનેશ જેમલભાઈ અનાવડિયા અને લોખંડવાલા જુગલ સિંહ માથુરજીનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યો છે. વિદેશ પ્રધાન એસ જયશંકરને ફરી ગુજરાતમાંથી ઉમેદવાર બનવવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે ગોવામાંથી વિનય તેંડુલકરનો કાર્યકાળ ૨૮ જુલાઈએ પૂરો થશે. આ તમામ સીટો માટે નોમિનેશનની તારીખ ૧૩ જુલાઈ છે. ગુજરાતમાં રાજ્યસભાની જે ૩ બેઠકો પર ચૂંટણી યોજાશે તે સંપૂર્ણ રીતે ભાજપનું વર્ચસ્વ હશે. કારણ કે ગુજરાત વિધાનસભામાં વિપક્ષ ખુબજ નબળી સ્થિતિમાં છે, આવી સ્થિતિમાં ત્રણેય બેઠકો પર ફરીથી ભાજપની જીત નિશ્ચિત છે. આવી સ્થિતિમાં પાર્ટી વિદેશ પ્રધાન એસ જયશંકરને ફરીથી રાજ્યસભા મોકલશે તેવી ચર્ચા છે. અન્ય બે બેઠકો પર ફેરફાર થઈ શકે છે.

### કોંગ્રેસ નેતાનું વધુ એક આશ્ચર્યજનક પગલું

# રાહુલ ગાંધી દિલ્હીમાં અચાનક મોટરસાઈકલ માર્કેટમાં પહોંચી ગયા

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બાઇક મિકેનિક્સ સાથે વાતચીત કરી અને બાઇક રીપેર કરવાનું શીખ્યા



નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મંગળવારની સાંજે અચાનક દિલ્હીના કરોલ બાગના મોટરસાઈકલ માર્કેટ પહોંચ્યા હતા. તેમણે અહીં બજારના કામદારો અને સાયકલ વેપારીઓ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ બાઈક મિકેનિક્સ સાથે વાતચીત કરી અને બાઈક રીપેર કરવાનું શીખ્યા. રાહુલ ગાંધીએ મિકેનીક્સ સાથેની તેમની વાતચીત દરમિયાનની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી અને લખ્યું હતું કે, '' રેંચ(નટ બોલ્ટ ફીટ કરવા માટેનું સાધન) ફેરવવા વાળા અને ભારતના વ્હીલ્સને ગતિમાન રાખનારાઓ પાસેથી શીખી રહ્યો છુ. કોંગ્રેસ પાર્ટીએ કરોલ બાગના સાયકલ માર્કેટમાં રાહુલ ગાંધીની તસવીરો શેર કરતા કહ્યું કે આ હાથ ભારત બનાવે છે. આવા હાથોને પ્રોત્સાહિત કરવાનું કામ એક લોકનેતા જ કરી શકે છે. દિલ્હીના કરોલ બાગ ખાતે બાઈક મિકેનિક્સ સાથે રાહુલ ગાંધી. ભારત જોડો યાત્રા ચાલુ છે. જણાવી દઈએ કે આ પહેલા રાહુલ ગાંધી અગાઉ દિલ્હી-ચંદીગઢ રોડ પર ટ્રક ડ્રાઈવરોને મળ્યા હતા. આ દરમિયાન તેણે ટ્રકમાં મુસાફરી કરવાની સાથે તેમની સાથે ભોજન પણ લીધું હતું. ત્યાર બાદ રાહુલ ગાંધી અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકામાં ટ્રક ડ્રાઈવરોને મળ્યા હતા. આ પછી તેણે ભારત અને અમેરિકાના ટ્રક ડ્રાઈવરોની કામ કરવાની સ્થિતિની સરખામણી કરી. ત્યાર બાદ કેન્દ્ર સરકારે ભારતમાં ૨૦૨૫ સુધીમાં બધા જ ટ્રક ડ્રાઈવરો માટે AC કેબીન ફરજીયાત કરવાનો નિર્ણય લીધો હતો.

### સૌથી વધુ બારડોલીમાં ૬ ઇંચથી વધારે ખાબક્યો

# ૨૪ કલાકમાં ગુજરાતના ૧૨૬ તાલુકામાં વરસાદ

## હવામાન વિભાગ દ્વારા સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં (૨૮મીની સવાર સુધીમાં) રાજ્યના ૧૨૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ ૬ ઇંચ વરસાદ બારડોલીમાં નોંધાયો છે. તો બીજી બાજુ સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે, રાજ્યમાં આજ સવારે ૬.૦૦ કલાક પહેલાના ૨૪ કલાક દરમિયાન ૧૨૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે.

જેમા સૌથી વધુ સુરતના બારડોલીમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો. સુરતના મહુવા અને તાપીના વાલોદમાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. નવસારીમાં સવા પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત વલસાડના પારડી, ખેરગામ, ચિખલી, ધરમપુર, સુરત, ડોલવાણ, મુંદ્રા, ધોધા, કામરેજ, વલ્લભીપુર, વાપી, કપરાડા, નેત્રંગ, ઉમરપાડા, સોનગઠમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમ થઈ ચુક્યું છે. ત્યારે ડાંગ જિલ્લામાં માત્ર ૩ ઈંચ વરસાદને પગલે ઘાટ માર્ગ પર પથ્થર પડવાની ઘટના પણ સામે આવી છે.

સાપુતારા ઘાટ માર્ગમાં પથ્થર પડવાથી માર્ગ મકાન વિભાગ હરકતમાં આવ્યું છે. સામાન્ય વરસાદમાં પથ્થરો પડવાની ઘટનાઓ બની રહી છે તો સવાલ એ છે કે, ભારે વરસાદ આવશે ત્યારે કેવી સ્થિતિનું નિર્માણ થશે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મહત્વનું છે કે, ગત ચોમાસામાં ભેખડ ધસી પડવાથી ૬ મહિના સુધી માર્ગ બંધ રાખવાની ફરજ પડી હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પણ થઈ શકે છે. જેમકે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ સાથે દક્ષિણ ગુજરાતમાં સુરત, ભરૂચ, ડાંગ, તાપીમાં ભારે વરસાદ પડી શકે છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ આગામી ૫ દિવસ વરસાદ રહેશે. સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ, કચ્છ, પોરબંદર અને જૂનાગઢમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદમાં પણ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, શહેરમાં થોડા વરસાદે પણ તંત્રની પોલ ખોલી નાંખી છે. સામાન્ય વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી પાણી થઈ જાય છે.

### વિજ્ઞાન અને ટેક્નોલોજી સ્ટ્રીમ બહારના લોકોને રાહત

# ઈસરોએ સ્ટાર્ટ પ્રોગ્રામના વિસ્તરણની જાહેરાત કરી

## સ્ટાર્ટ હવે સહભાગિતાને અન્ય વિદ્યાર્થીઓ અને ઉત્સાહીઓ સુધી વિસ્તારવામાં આવી : નિઃશુલ્ક રજીસ્ટ્રેશન થઈ શકશે

નવી દિલ્હી, તા.૨૮

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને કોલેજના વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન અને ટેક્નોલોજી સ્ટ્રીમ બહારના ઉત્સાહ ધરાવતા લોકોને આવરી લેવા તેના સ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અવેરનેસ ટ્રેનિંગ (સ્ટાર્ટ) પ્રોગ્રામના વિસ્તરણની જાહેરાત કરી છે. ઈસરોએ જણાવ્યું હતું કે સ્ટાર્ટનો હેતુ મુખ્યત્વે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને ધ્યાનમાં લેવાનો છે, પણ હવે સહભાગિતાને અન્ય વિદ્યાર્થીઓ અને ઉત્સાહીઓ સુધી વિસ્તારવામાં આવી છે.

હવે સ્ટાર્ટજુલાઈ-ઓગસ્ટ માટે અસ્થાયી રીતે નિર્ધારિત - અંતરિક્ષના સાધનો, ભારતીય અવકાશ સંશોધન કાર્યક્રમ પર લેકચર અને સ્પેસ સાયન્સમાં સંશોધનની તકોને પણ આવરી લેશે. નેશનલ સ્પેસ એજન્સી દ્વારા સ્પેસ સાયન્સ અને ટેક્નોલોજીમાં ઓનલાઈન, પ્રારંભિક સ્તરના જાગરૂકતા કાર્યક્રમ તરીકે કલ્પના કરવામાં આવી છે. સ્ટાર્ટપ્રોગ્રામમાં પૃથ્વી અને પૃથ્વી નજીકના સ્પેસ, સૌરમંડળ સંશોધન, સ્પેસ મિશન ડિઝાઈન અને અવલોકન, અંતરિક્ષ હવામાન, તુલનાત્મક ગ્રહ વિજ્ઞાન, એસ્ટ્રોફિઝિક્સ અને કોસ્મોલોજી પર પણ લેકચરનો સમાવેશ કરાશે. કોઈપણ સંસ્થાના વિદ્યાર્થીઓ અથવા સામાન્ય ઉત્સાહીઓ આ કાર્યક્રમ માટે https://elearning.iirs.gov.in/edusatregistration/student લિંક પર જઈને નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૫મી જુલાઈ છે. આ કાર્યક્રમમાં ઈસરોના ઈ-ક્લાસ પ્લેટફોર્મ https://eclass.iirs.gov.in દ્વારા ૨થી ૩ અઠવાડિયા સુધી દરરોજ ૨-૩ કલાકના લેકચર હશે.

આ લેકચર ઈસરોઅને અંતરિક્ષ વિભાગના વૈજ્ઞાનિકો અને ભારતીય વિજ્ઞાન સંસ્થાન અને ભારતીય ખગોળ ભૌતિકશાસ્ત્ર સહિતની અગ્રણી સંસ્થાઓ દ્વારા આપવામાં આવશે. ઈસરોએ આ કાર્યક્રમ માટે નોડલ કેન્દ્રો તરીકે ૨૮૦થી વધુ સંસ્થાઓને મંજૂરી આપી છે. આ સંસ્થાઓના વિદ્યાર્થીઓ પરીક્ષાઓ અને લાયકાત પ્રમાણપત્રો માટે યોગ્ય બનવા માટે તેમની સંસ્થા દ્વારા સ્કોલ-સેલેક્ટ કરી શકે છે અને નોંધણી કરાવી શકે છે.

### સ્થાનિક શેરબજાર નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરે બંધ થયું

# સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ વધી નવી વિક્રમી સપાટીએ બંધ

## શેરબજારમાં મેટલ, પાવર, ફાર્મા અને કેપિટલ ગુડ્સ જેવા સેક્ટર એક-એક ટકાના વધારા સાથે બંધ થયા હતા

મુંબઈ, તા.૨૮

સ્થાનિક શેરબજાર આજે નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરે બંધ થયું છે. બીએસઈસેન્સેક્સ ૪૯૯.૩૯ પોઈન્ટ્સ એટલે કે ૦.૭૯ ટકાના વધારા સાથે ૬૩,૯૧૫.૪૨ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૧૬૪.૭૫ પોઈન્ટ્સ અથવા ૦.૮૮ ટકાના વધારા સાથે ૧૮,૯૮૨.૧૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ પ્રથમ વખત ૬૪૦૦૦ પોઈન્ટની સપાટીને પાર કરી ગયો હતો. તે જ સમયે, નિફ્ટીએ પણ પ્રથમ વખત ૧૯૦૦૦ પોઈન્ટની સપાટી વટાવી હતી. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર નિફ્ટીમાં સૌથી વધુ ૫.૪૩ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે. મેટલ, પાવર, ફાર્મા અને કેપિટલ ગુડ્સ એક-એક ટકાના વધારા સાથે બંધ થયા છે. તે જ સમયે, બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકાના વધારા સાથે બંધ થયો હતો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ બંધ રહ્યો હતો. બીએસઈસેન્સેક્સ પર ટાટા મોટર્સનો શેર સૌથી વધુ ૨.૩૮ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય સન ફાર્મા, ટાઈટન, લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ડસઈન્ડ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ શેર્સ ઓફ ફાઈનાન્સ (બજાજ ફાઈનાન્સ), ઈન્ફોસિસ (ઈન્ફોસિસ) અને એચડીએફસી બેંક (એચડીએફસી બેંક) એક ટકા કરતાં વધુ ઉછાળા સાથે બંધ થયા છે. આ સિવાય આઈટીસી, ભારતી એરટેલ, એશિયન પેઈન્ટ્સ, ટાટા સ્ટીલ, એસબીઆઈ, એચડીએફસી, ટીસીએસ, એક્સિસ બેંક અને હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડના શેર પણ લીલા નિશાન સાથે બંધ થયા છે.

સેન્સેક્સ પર ટેક મહિન્દ્રાનો શેર સૌથી વધુ ૦.૯૫ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. એ જ રીતે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફિનસર્વ અને એચસીએલ ટેકના શેર સૌથી વધુ ઘટાડા સાથે બંધ થયા હતા.

### પેટ્રોલ-ડીઝલની વધતી માંગને પહોંચી વળવાનો ઉદ્દેશ્ય

# ઓઈલ કંપનીઓ દેશમાં નવા રિટેલ આઉટલેટ્સ સ્થાપશે

## શહેરી વિસ્તારો, નવા હાઈવેઝ, કૃષિ ક્ષેત્રો, ગ્રામીણ, અંતરિયાળ વિસ્તારો જેવા ઉભરતા બજારોને સેવા આપશે

અમદાવાદ, તા.૨૮

દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) બીપીસીએલ, એચપીસીએલ તથા આઈઓસીએલ દેશભરમાં નવા રિટેલ આઉટલેટ્સ સ્થાપવાની જાહેરાતો જારી કરવાની ઘોષણા કરી છે. આ જાહેરાતોનો હેતુ દેશની ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થાને અનુરૂપ પેટ્રોલ અને ડીઝલની વધતી માંગને પહોંચી વળવાનો છે.

પેટ્રોલ અને ડીઝલના રિટેલ વેચાણની માંગ વર્ષોથી સતત વધી રહી છે. દેશના અર્થતંત્રમાં થઈ રહેલાં નોંધપાત્ર વિકાસને પરિણામે ઊર્જાની જરૂરિયાતમાં અનેકગણો વધારો થયો છે. જેને ધ્યાનમાં રાખીને આ ઓએમસી વધતી જતી આ માંગને પહોંચી વળવા માટે તેમના રિટેલ આઉટલેટ નેટવર્કનું વિસ્તરણ હાથ ધરી રહી છે. આ વિસ્તરણને પગલે સ્થપાનારા આઉટલેટ્સ શહેરી વિસ્તારો, નવા બનનારા હાઈવેઝ, કૃષિ ક્ષેત્રો, ગ્રામીણ, અંતરિયાળ અને દૂર-સુદૂરના વિસ્તારો જેવા ઉભરતા બજારોને સેવા પૂરી પાડશે. ગ્રામીણ વિસ્તારોની કૃષિ માંગને પહોંચી વળવા અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગુણવત્તાયુક્ત પેટ્રોલિયમ ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ છે તે સુનિશ્ચિત કરવું એ આ વિસ્તરણનો ઉદ્દેશ્ય છે.

પીએસયુ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) દ્વારા રિટેલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપ) સ્થાપવા માટેની છેલ્લી જાહેરાત વર્ષ ૨૦૧૪-૧૫માં જારી કરવામાં આવી હતી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ હવે પેટ્રોલ પમ્પ સ્થાપવા માટે સંભવિત ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવાની જાહેરાતો જારી કરી છે.

ડીલરની પસંદગી પ્રક્રિયાને સરળ બનાવવા અને સરકાર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને અપાયેલા વિશેષ મહત્વની સાથે સામંજસ્ય જાળવવા માટે, ઓએમસીએ અત્યંત સરળ અને યુઝર ફ્રેન્ડલી ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ્સ રજૂ કર્યા છે.

જાહેરાતમાં નિર્દિષ્ટ સ્થળ/પટ્ટા પર યોગ્ય જમીનની ઉપલબ્ધતા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ એસસી/એસટી માટેનાસ્થળો માટે અરજદારો શરૂઆતમાં જમીન વિના અરજી કરી શકે છે, પરંતુ જ્યારે જરૂર પડે ત્યારે જમીન ઉપલબ્ધ બનાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પસંદગી પ્રક્રિયાનેવધુ પારદર્શક બનાવવા માટે લોટ્સનો કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો અથવા સ્વતંત્ર એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા બિડ ખોલવામાં આવશે.

તમામ રિટેલ આઉટલેટ્સને ઓટોમેશન સહિતની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવશે.

રિટેલ આઉટલેટ્સની ડીલરશીપને ઉદ્યોગસાહસિકો માટે ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ સાથે જોડાવાની નોંધપાત્ર તક તરીકે જોવામાં આવે છે.રસ ધરાવતા ઉદ્યોગસાહસિકો અમારી વેબસાઈટ "http://www.perolpumpdealerchayan. in" માં ઉપલબ્ધ વિગતવાર જાહેરાત અને બ્રોશર જોઈ શકે છે.

### કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો

# જન્મ-મરણની નોંધણી માટે આધાર કાર્ડ ફરજિયાત નહીં

## રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાના ઓફિસને આ મામલે આધારના ડેટાબેઝના ઉપયોગની મંજૂરી આપી દેવાઈ

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. હવેથી જન્મ અને મૃત્યુના રજિસ્ટ્રેશન માટે આધાર ઓથેન્ટિકેશનને મંજૂરી આપી દેવામાં આવી છે. રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાના ઓફિસને આ મામલે આધારના ડેટાબેઝના ઉપયોગની મંજૂરી આપી દેવામાં આવી છે. જેનાથી હવે રજિસ્ટ્રેશન માટે આધારકાર્ડ આપવાની જરૂર નહીં રહે. અહેવાલ અનુસાર ગૃહ મંત્રાલયે એક ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી હતી અને તેમાં જણાવ્યું હતું કે રજિસ્ટ્રાર જનરલના કાર્યાલયની સાથે સાથે વસતી ગણતરી કમિશનર પર આ પ્રકારના રજિસ્ટ્રેશન કે નોંધણી માટે આધાર ઓથેન્ટિકેશન ને સ્વીકારે. તેની પાછળ સરકારનો ઉદ્દેશ્ય સેવાઓ સુધી શ્રેષ્ઠ પહોંચ અને જીવનને સરળ બનાવવાનો છે જેના માટે ભારતીયોને શ્રેષ્ઠ રહેણીકરણી મળી શકે. જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ હેઠળ કહેવાયું છે કે નિયુક્ત રજિસ્ટ્રારને રિપોર્ટિંગ ફોર્મ જન્મ કે મૃત્યુમાં માગવામાં આવેલી અન્ય વિગતો સાથે લેવામાં આવી રહેલ આધાર નંબર વેરિફિકેશન માટે સ્વૈચ્છિક આધાર પર હાં કે ના આધાર પ્રમાણિકરણ કરવાની મંજૂરી

### ભારતમાં સૌથી વધારે પ્રમાણમાં તુવેરની દાળ ખવાય છે

# સરકાર બફર સ્ટોકમાંથી તુવેર દાળ મિલ માલિકોને વેચશે

નવી દિલ્હી, તા.૨૮

ભારતમાં સૌથી વધારે પ્રમાણમાં તુવરની દાળ ખાવામાં આવે છે. અને અત્યારના સમયમાં તુવરની દાળનો ભાવ આસમાન પર પહોચી ગયા છે. દાળના વધતા ભાવને કારણે સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ જાય છે. અને તેના કારણે પરેશાની વધી જાય છે. જેને જોતા સરકારે દાળના ભાવને નિયત્રંણમાં લેવા માટે સરકારના બફર સ્ટોકમાંથી મિલ માલિકોને તુવર દાળ વેચવાની તૈયારી કરી રહી છે. સરકારના આ નિર્ણયથી દાળના ભાવમાં ઘટાડો થાય તેવી સંભાવના છે. એક અધિકૃત નિવેદન પ્રમાણે સરકારે આયાતી સ્ટોક ભારતીય બજારમાં આવે ત્યાં સુધી આયોજિત અને લક્ષિત રીતે રાષ્ટ્રીય બફરમાંથી તુવેર દાળને વેચવાનો નિર્ણય કર્યો છે. ખાદ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે જ્યાં સુધી ઈમ્પોર્ટેડ તુવર દાળને રાષ્ટ્રીય બફરમાંથી ખુલ્લા બજારમાં ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી સરકાર બફર સ્ટોક ચાલુ રાખશે. સરકાર પ્રયાસ કરી રહી છે કે આ દાળના પુરવઠામાં ઘટાડો ન થાય.

નિવેદન પ્રમાણે ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ ફેડરેશન (એનએએફઈડી)અને નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર ફેડરેશન (એનસીસીએફ) ને તુવર દાળની ઉપલબ્ધતા વધારવા માટે યોગ્ય મિલમાલિકો વચ્ચે ઓનલાઈન હરાજી દ્વારા તુવર દાળનું વેચાણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અને તે પછી દાળ ગ્રાહકોને મળે તે માટે સૂચના આપવામાં આવી હતી.

### સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ

# અનરાધાર વરસાદ બન્યો આફતરૂપ, તો ઘણા વિસ્તારોમાં પાણી જ પાણી

## સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભરાતા મનપાની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખુલ્લી ગઇ છે

અમદાવાદ, તા.૨૮

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. જો કે અનરાધાર વરસાદે સુરતના શહેરીજનોની મુશ્કેલી વધારીછે. સુરતમાં ભારે વરસાદે મનપાની પોલ ખોલી દીધી છે. પાંડેસરા વિસ્તારમાં રોડ બેસી જતા વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યાં છે.

આ વિસ્તારમાં રોડ બેસી જતાં નોવા કોમ્પ્લેક્સ પાસે રોડ બેસી જતા ટેમ્પો ફસાઈ હતો. સુરતના મોટાભાગના વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. કામરેજ ચાર રસ્તા પર ભરાયા ઘુંટણસમા પાણી ભરાયા છે. હાઈવે પરના સર્વિસ રોડ પર ભરાયા પણ વરસાદી પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી ભોગવી રહ્યાં છે. સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભારાતા મનપાની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખુલ્લી ગઈ છે. કરોડોના ખર્ચે નાંખેલી ગટર લાઈનની કામગીરી પર પણ સવાલ ઉઠી રહ્યાં છે.

પાંડેસરા, ઉધના દરવાજા વિસ્તારમાં પણ ઘૂંટણસમા પાણી ભરાયા છે. દક્ષેશ્વર મંદિર વિસ્તાર,જુની સબ જેલ વિસ્તાર પાણી પાણી થઈ જતાં ઓફિસે જતા નાગરિકોને હાલાકી પડી રહી છે.મંગળવારે રાત્રે વરસેલા વરસાદે સુરત મનપાના પ્રિમોનસૂન પ્લાનની પોલ ખોલી દીધી છે. અહીં લીબાયત વિસ્તારો વરસાદી પાણી ભરાતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. લીંબાયત મીઠીખાડીમાં ઘુંટણ સુધીના પાણી ભારાયા છે. કડોદરા ચોકડી નજીકના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા છે. ચામુંડા હોટલ, આસપાસની દુકાનોમાં પાણી ભરાઈ જતાં વેપારીઓની પણ મુશ્કેલીમાં વધારો થયો છે. વલસાડ જિલ્લામાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. કૈલાશ રોડ, તિથલ રોડ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. વલસાડના માર્કેટ વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાયા છે. તાપી જિલ્લામાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ એન્ટ્રી કરી છે.

વ્યારા, વાલોડ સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં તાપીના વાલોડમાં પોણા પાંચ ઈંચ અને તાપીના વ્યારામાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. રાજયમાં અત્યાર સુધીમાં સિઝનનો ૧૫.૦૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૬૯.૪૭ ટકા વરસાદ વરસ્યો પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૨૦.૯૩ ટકા અને સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૧.૭૩ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના ભારે વરસાદના કારણે ૬ ડેમ એલર્ટ પર છે

### અગ્નિપથ યોજના હેઠળ ડિફેન્સ ફોર્સનો ભાગ બની

# ભાજપના સાંસદ રવિ કિશનની પુત્રી ડિફેન્સ ફોર્સમાં જોડાઈ

## ઈશિતા એનસીસીમાં કેડેટ રહી ચૂકી છે, તેને વર્ષ ૨૦૨૨માં એડીજી એવોર્ડ ઓફ એક્સલન્સ એનાયત કરાયો હતો

નવી દિલ્હી, તા.૨૮

ભાજપા સાંસદ રવિ કિશનની પુત્રી ઈશિતા શુક્લા ડિફેન્સ ફોર્સમાં જોડાઈ છે. તે ભારત સરકારની અગ્નિપથ યોજના હેઠળ ડિફેન્સ ફોર્સનો ભાગ બની છે. આ યોજના ગયા વર્ષે જ શરૂ કરવામાં આવી હતી. આ વર્ષની શરૂઆતમાં રવિ કિશને તેમની પુત્રી માટે ડિફેન્સ ફોર્સમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જાન્યુઆરીમાં ગણતંત્ર દિવસની પરેડ દરમિયાન તેમણે કહ્યું હતું કે ઈશિતા તે દિવસે પરેડમાં ભાગ લેનાર દિલ્હી ડિરેક્ટોરેટની ૭ ગર્લ્સ બટાલિયનની કેડેટ્સનો ભાગ હતી. રવિ કિશને પોતાની પુત્રીની આ સિદ્ધિની પુષ્ટિ ટ્વિટર પર કરી હતી. આ પહેલા તેમણે ગયા વર્ષે ૧૫ જૂને એક ટ્વીટ કર્યું હતું. જેમાં લખ્યું હતું કે, 'સવારે પુત્રીએ કહ્યું કે હું અગ્નિપથ યોજના હેઠળ સેનામાં જોડાવા માંગુ છું. મેં તેને કહ્યું, બેટા ગો અહેડ.'

રવિ કિશનની પુત્રી ઈશિતા શુક્લા ૨૧ વર્ષની થઈ ગઈ છે. તેનો જન્મ ૧૦ ફેબ્રુઆરીએ જૌનપુરમાં થયો હતો. તેણે દિલ્હી યુનિવર્સિટીની રાજધાની કોલેજમાં અભ્યાસ કર્યો હતો. ઈશિતા એનસીસીમાં કેડેટ રહી ચૂકી છે. તેને વર્ષ ૨૦૨૨માં એનસીસી એડીજીએવોર્ડ ઑફ એક્સલન્સ એનાયત કરવામાં આવ્યો હતો. કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોડ દ્વારા તેમને શ્રેષ્ઠ કેડેટનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. તે ઈન્સ્ટાગ્રામ પર ઘણી એક્ટિવ રહે છે. ટ્રાવેલિંગ સિવાય તે ઈન્ડોર શૂટિંગની પણ શોખીન છે. ઈશિતાને કુલ ચાર બહેનો અને ભાઈઓ છે. તેમાં તનિષ્કા શુક્લા ઈશિતાની મોટી બહેન છે. તનિષ્કા બિઝનેસ મેનેજર અને રોકાણકાર છે. બીજા સ્થાને તેની બહેન રીવા શુક્લા છે. તે બોલીવુડ અભિનેત્રી છે. ઈશિતાને એક ભાઈ પણ છે. જેનું નામ સક્ષમ શુક્લ છે.

રક્ષા મંત્રાલયે ભારતીય સેનાના ત્રણેય પાંખો આર્મી, એરફોર્સ અને નેવીમાં અનુક્રમે જવાનો, એરમેન અને નાવિકની જગ્યાઓ પર ભરતી માટે અગ્નિપથ યોજના લાવી હતી. આમાં પ્રવેશ મેળવ્યા પછી, ઉમેદવારો અગ્નિવીર તરીકે ઓળખાય છે. તેમનો કાર્યકાળ ચાર વર્ષનો છે. આ યોજના હેઠળ ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષની વયના લોકો પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકે છે.

### વન-ડે વર્લ્ડ કપમાં ભારતની પ્રથમ મેચ ઓસી. સામે

# વન-ડે વર્લ્ડ કપમાં પાંચ મેચ ખૂબજ રોમાંચક બની શકે છે

## ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા-દ. આફ્રિકા, બાંગ્લાદેશ-અફઘાનિસ્તાન અને ભારત-પાક. ની મેચ રોમાચક બનશે

નવી દિલ્હી, તા.૨૮

આઈસીસીદ્વારા ગઈકાલે વર્લ્ડ કપ ૨૦૨૩નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય ટીમની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયા સામે છે. આ મેચ ૮ ઓક્ટોબરે ચેન્નઈમાં રમાશે. શેડ્યૂલ જાહેર કર્યા પછી, આઈસીસીએ ક્રિકેટ ચાહકો સાથે વધુ એક રસપ્રદ માહિતી શેર કરી હતી. આઈસીસીએ કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાનની સાથે અન્ય કઈ મેચો રોમાંચક બની શકે છે. આઈસીસીએ એવી પાંચ મેચ પસંદ કરી હતી, જેને લઈને ઘણો ઉત્સાહ જોવા મળી શકે છે.

વર્લ્ડ કપ ૨૦૨૩માં ૧૫ ઓક્ટોબરના રોજ ભારતનો સામનો પાકિસ્તાન સાથે થશે. ચાહકો આ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટીમ ઈન્ડિયાએ છેલ્લી વન-ડેવર્લ્ડ કપ મેચમાં પાકિસ્તાનને ખરાબ રીતે હરાવ્યું હતું. વર્લ્ડ કપ ૨૦૧૯ની મેચમાં ભારતે પાકિસ્તાનને ૮૯ રને હરાવ્યું હતું.

ભારતે આ મેચ ડકવર્થ લુઈસ નિયમથી જીતી હતી. ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચ પણ ઘણી રોમાંચક બની શકે છે. ગત વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને સુપર ઓવરમાં હરાવ્યું હતું. આ વખતે પણ બંને ટીમો એકબીજાને ટક્કર આપતી જોવા મળી શકે છે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અત્યાર સુધીમાં ઘણી રોમાંચક મેચો રમાઈ છે. હવે ફરી એકવાર આ બંને ટીમો મેદાનમાં સામસામે આવશે. રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ કાંગારૂ ટીમને પડકાર આપવા મેદાનમાં ઉતરશે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૩ ઓક્ટોબરે મેચ રમાનાર છે. આ મેચ પણ રોમાંચક બની શકે છે.

દક્ષિણ આફ્રિકા વર્લ્ડ કપ ૨૦૧૯માં માત્ર ત્રણ મેચ જીત્યું હતું. પરંતુ આ વખતે તે કમબેક કરી શકે છે. બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન વચ્ચે ૭ ઓક્ટોબરે મેચ રમાશે. ધર્મશાલામાં રમાનારી આ મેચ પર પણ સૌની નજર રહેશે.

- ભારત વિરૂધ્ધપાકિસ્તાન, અમદાવાદ - ૧૫ ઓક્ટોબર
- ઈંગ્લેન્ડ વિરૂધ્ધન્યુઝીલેન્ડ, અમદાવાદ - ૫ ઓક્ટોબર
- ભારત વિરૂધ્ધઓસ્ટ્રેલિયા, ચેન્નઈ - ૮ ઓક્ટોબર
- ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધદક્ષિણ આફ્રિકા, લખનઉ - ૧૩ ઓક્ટોબર
- બાંગ્લાદેશ વિરૂધ્ધઅફઘાનિસ્તાન, ધર્મશાલા - ૭ ઓક્ટોબર

### શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

# ધો-૧૦માં નાપાસ વિદ્યાર્થીઓ સ્કૂલમાં લઈ શકશે પુનઃપ્રવેશ

## આ વિદ્યાર્થીએ પરીક્ષા રિપીટર તરીકે આપવાની રહેશે

અમદાવાદ, તા.૨૮

ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી ધોરણ ૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ સ્કૂલમાં પ્રવેશ મેળવી શક્તા નહીં અને તે ક્લાસિસ કે જાતે તૈયારી કરીને નાપાસ થયેલા વિષયોની પરીક્ષા આપતા હતા. પરંતુ હવે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪માં ફેરફાર કરાયો છે. હવે ધોરણ ૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ એક વર્ષ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ મેળવી શકશે.

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા બાદ વિદ્યાર્થી એક વર્ષ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ મેળવી શકશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪માં ફેરફાર કરાયો. વિદ્યાર્થીએ ધોરણ ૧૦ની જે શાળામાંથી નિયમિત વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી હશે તે જ શાળામાંથી પુનઃ પ્રવેશ મેળવવાનો રહેશે. અન્ય કોઈપણ શાળામાં વિદ્યાર્થી પુનઃ પ્રવેશ મેળવી શકશે નહીં

વિદ્યાર્થી જે વર્ષમાં નાપાસ થયો હોય તે પછીના તરત જ એક શૈક્ષણિક વર્ષ પૂરતું જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ પરવાનગી મેળવીને શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ આપી શકાશે. પુનઃ પ્રવેશ આપેલ વિદ્યાર્થી માટે ગ્રાન્ટ તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યા ગણતરીમાં લેવાશે નહીં. પુનઃ પ્રવેશ આપેલા વિદ્યાર્થીઓના ધોરણ ૧૦ની જાહેર પરીક્ષાના આવેદન પત્ર રિપીટર વિદ્યાર્થી તરીકે જ ભરવાના રહેશે. અગાઉ નિયમમાં બદલાવ કરીને શિક્ષણ વિભાગે ધોરણ ૧૦માં નાપાસ વિદ્યાર્થી ફરી સ્કૂલમાં પ્રવેશ ના લઈ શકે તેવો નિર્ણય કર્યો હતો, જેમાં શાળા સંચાલક મહામંડળની રજૂઆત બાદ નિર્ણયમાં ફેરફાર કરાયો.

જોકે ઉપરોક્ત પરિપત્ર બાદ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા નારાજગી દર્શાવવામાં આવી છે. વિદ્યાર્થીને નિયમિત તરીકે એક વર્ષ પૂરતો અભ્યાસ કરાવવા છતાં પણ ફોર્મ રિપીટર તરીકે ભરવા અંગે નારાજગી દર્શાવી છે. આ સિવાય પુનઃ પ્રવેશ આપેલ વિદ્યાર્થીને ગ્રાન્ટ તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યા ગણતરીમાં લેવાશે નહીં આ નિર્ણયને ગ્રાન્ટેડ શાળાઓ મરી પરવડે તેવો આશય દર્શાવતું હોવાનો શાળા સંચાલક મહામંડળનો અભિપ્રાય છે.

### મની લોન્ડરિંગના મામલામાં રેડ

# ED ના પૂર્વ ડે. ડાયરેક્ટરના ઘરે જ ED એ મારી રેડ

## પૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર સચિન સાવંતના ઘરે રેડ મારી સાવંત પર ૫૦૦ કરોડ રૂપિયાની હેરફેરનો આરોપ છે

નવી દિલ્હી, તા.૨૮

ED એ બુધવારે મની લોન્ડરિંગના મામલામાં પોતાના જ પૂર્વ ડેપ્યુટી ડાયરેક્ટર સચિન સાવંતના ઘરે રેડ મારી. સચિન સાવંત પર ૫૦૦ કરોડ રૂપિયાની હેરફેરનો આરોપ છે. ઈડીના સૂત્રોએ કહ્યું કે સાવંતના મુંબઈ આવાસ સહિત તેમના સંલગ્ન વિભિન્ન પરિસરો પર મંગળવારે દરોડા પાડવામાં આવ્યા.

સચિન સાવંત હાલ કસ્ટમ્સ એન્ડ ઈનડાઈરેક્ટ ટેક્સ કેડર મુંબઈ ખાતે IRS ઓફિસર તરીકે કાર્યરત છે. સાવંત અગાઉ ઈડી મુંબઈ ઝોન ૨માં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે તૈનાત હતા. સચિન સાવંત જ્યારે મુંબઈ ઈડીમાં હતા ત્યારે ડાયમંડ કંપનીની ૫૦૦ કરોડની હેરાફેરીમાં સામેલ હતા. તેને લઈને ઈડીની ટીમે તેમના લખનઉ અને મુંબઈ સ્થિત ઘરો પર દરોડા પાડ્યા. આ મામલે સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો.

સચિન સાવંત ૪ વર્ષ સુધી મુંબઈમાં ઈડીના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે તૈનાત હતા. આ કેસના ધરપકડ કરાયેલા એક આરોપીના ફરિયાદ ના આધારે સીબીઆઈએ સચિન સાવંત વિરુદ્ધ FIR દાખલ કરી. હાલ સાવંત કસ્ટમ્સ એન્ડ ઈનડાઈરેક્ટ ટેક્સ ડિપાર્ટમેન્ટમાં એડિશનલ કમિશનર તરીકે કાર્યરત છે. મંગળવારે મોડી રાત સુધી સર્ચ ઓપરેશન ચાલ્યું હતું.

### આગાહી વચ્ચે ગુજરાતમાં જામ્યું ચોમાસું

# ઉત્તર-મધ્યમાં મેઘરાજાની તોફાની બેટિંગ, બારડોલીમાં ૬ ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં ચોમાસાનું સત્તાવાર રીતે આગમન થઈ ગયું છે. રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદે માઝા મૂકી છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. ખાસ કરીને બારડોલીમાં વરસાદે ધબધબાટી બોલાવી હતી અને અહીં છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

બીજી તરફ, હવામાન વિભાગની આગાહી છે કે, રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ પડશે. હાલ સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ છવાયેલો છે. ત્યારે અમદાવાદ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો હતો. એટલું જ નહીં સૌરાષ્ટ્રના પણ કેટલાંક વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા છે. ડાંગ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સુરતના મહુવામાં ૫.૬ ઈંચ અને વાલોડમાં ૪.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. સમગ્ર ગુજરાતમાં ચોમાસાની સિઝન જામી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો, હળવો અને અતિભારે વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, હવામાન વિભાગે પણ આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતને પણ વરસાદે ઘમરોળ્યું છે. અહીં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. બીજી તરફ, બારડોલીમાં છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સુરતના મહુવામાં ૫.૬ ઈંચ, વાલોડમાં ૪.૫ ઈંચ, પલસાણામાં ૪.૬ ઈંચ, ઉધનામાં ૫ ઈંચ, ચિખલીમાં ૩.૯ ઈંચ અને નવસારીમાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.આ તરફ વલસાડમાં ૪.૫૨ ઈંચ, ગણદેવીમાં ૪.૪ ઈંચ વરસાદ નોંધાયો છે. વાવણીલાયક વરસાદ વરસતા ખેડૂતોના ચહેરા પર નવી આશા જોવા મળી રહી છે.

જ્યારે તાપીની વાત કરવામાં આવે તો તાપીના વાલોડમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની સમસ્યા ઉભી થઈ હતી. કેટલાંક નીંચાણવાળા વિસ્તારોમાં આવેલાં મકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. ઘરમાં જ પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. રાત્રે પણ લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ સિવાય નવસારીમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. છેલ્લાં ચોવીસ કલાકમાં નવસારીના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. નવસારી શહેરમાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

ગણદેવીમાં ૫ ઈંચ, ખેરગામમાં ૪ ઈંચ, જમાલપોર-ચિખલીમાં ૪-૪ ઈંચ, વાંસદામાં ૨ ઈંચ નોંધાયો છે. ભારે વરસાદ બાદ અહીં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની સમસ્યા પણ જોવા મળી છે. વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. મહત્વનું છે કે, ચાર દિવસ સુધી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

### તંત્ર-બ્રિજ કોન્ટ્રાક્ટરની મિલીભગતને ખુલ્લી પાડે છે

# સરકાર ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શક્તી નથી

## છેલ્લા ઘણા સમયથી લોકાર્પણ પહેલાં કે લોકાર્પણના ગણતરીના વર્ષોમાં પુલો ખખડધજ કે ધરાશાયી થઈ રહ્યાં છે

અમદાવાદ, તા.૨૮

ગુજરાતને ટકાઉ વિકાસ જોઈએ.... રાજ્યમાં ભ્રષ્ટાચારના ભારમાં પુલોની હાલત ખરાબ થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી લોકાર્પણ પહેલાં કે લોકાર્પણના ગણતરીના વર્ષોમાં પુલો ખખડધજ કે ધરાશાયી થઈ રહ્યાં છે. તાપીમાં તો લોકાર્પણ પહેલાં જ પુલ ધરાશાયી થયો હતો. આ એક ઘટના નથી આખું લિસ્ટ છે. ૨૦૧૮ ના વર્ષમાં સીઆરઆરઆઈનો એક રિપોર્ટ આવ્યો હતો. જેમાં ગુજરાત ખરાબ પુલોમાં પ્રથમ નંબરે હતું.

સામાન્ય પુલનું આયુષ્ય ૧૦૦ વર્ષ હોય છે. પરંતુ નવાઈની વાત એ છે કે, ૨૮૧માંથી ૨૫૩ પુલ ફક્ત એ સમયે પથી ૭ વર્ષ જ જૂનાં હતા. એ રિપોર્ટમાં એવા ખુલાસા હતા કે, ખરાબ મટીરિયલને કારણે અનેક પુલના નીચેના તળિયાનો ભાગ ખખડી ગયો છે. કોક્રીટ પણ ખરવા લાગ્યું છે.

એ વાતને તો વર્ષો વિતી ગયા પણ હવે ફરી રિપોર્ટ બને અને ભાજપની વિકાસશીલ સરકારની આબરૂની ધૂળધાણી થાય એ પહેલાં સરકારે ભ્રષ્ટાચારના ભારથી દબાતા આ પુલોનો સરવે કરવાની ચોક્કસ જરૂર છે નહીં તો એક દિવસ ભારે પડશે કારણ કે મોરબી બ્રિજની દુર્ઘટના લોકો હજુ ભૂલ્યા નથી.

ભ્રષ્ટાચારના ભારમાં દબાયેલા ગુજરાતના અન્ય બ્રિજ

અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ

અમદાવાદમાં વિશાલા પાસે શાસ્ત્રી બ્રિજ

વડોદરામાં અટલ બ્રિજ પર તિરાડો

વડોદરાના પાદરામાં બ્રિજ જર્જરિત

વેડ-વરિયાવ બ્રિજ બેસી ગયો

અમરેલી સાવરકુંડલામાં બ્રિજ બેસી ગયો

આણંદમાં બ્રિજ બેસી જવાની ઘટના

વલસાડનો સંજાણ બ્રિજ જર્જરીત

બનેલો બ્રિજ જર્જરિત

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે બ્રિજ જર્જરિત

અંબાજી હાઈવે પર બ્રિજ જર્જરિત

તાપીના મીંઢોળા નદી પર બનેલો બ્રિજનો સ્લેબ તૂટ્યો

એક તરફ સરકાર રામ મંદિર બનાવવાની વાતો કરે છે. વિદેશી મહેમાનોને સ્ટેચ્યુ ઓફ યુનિટી બતાવવા બોલાવે છે. પરંતુ ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શક્તી નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં નવા બની રહેલા બ્રિજમાં વિકાસને બદલે ભ્રષ્ટાચાર દેખાઈ રહ્યો છે.

આ બ્રિજના ખરતા કાંગરા સરકારની પોલ ખોલી રહ્યાં છે. તંત્ર અને બ્રિજ કોન્ટ્રાક્ટરની મિલીભગતને ખુલ્લી પાડે છે. કેટલાક બ્રિજના લોકાર્પણ પહેલાં જ તિરાડો દેખાય છે, તો કેટલાકના લોકાર્પણના એક મહિનામાં જ ગાબડા દેખાય છે. સાથે જ બ્રિજની રેલિંગ પણ ગમે ત્યારે ધરાશાયી થઈ જાય તેવો ડર લાગે છે. સરકારને એમ પૂછવુ છે કે, ગુજરાતીઓએ આવો વિકાસ તો નહોતો માંગ્યો. શું તમે રાજ્યની પ્રજાને ટકાઉ બ્રિજ પણ નથી આપી શક્તા. ભ્રષ્ટાચારી બ્રિજ આપતા સરકારને તેના પર સમારકામ કરવામાં અને ઢાંકપિછોડો કરવામાં પણ શરમ આવતી નથી.

જો બે જ મહિનામાં પુલ તૂટી જવાના હોય કે, જર્જરિત જેવા થઈ જવાના હોય તો પુલ બનાવવા જ કેમ. આ પુલ સરકારના ભ્રષ્ટાચારની પોલ ખોલે છે. સુરતમાં ૧૧૮ કરોડ રૂપિયાના ખર્ચે બનેલો બ્રિજ એક જ મહિનામાં બેસી જતાં ચકચાર મચી ગઈ છે.

જી હા, કૌભાંડીઓના કૌભાંડનો ફુગ્ગો પહેલા વરસાદમાં જ ફૂટી ગયો છે.એક મહિના પહેલાં સુરતના આ બ્રિજને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી ખુલ્લો મુક્યો હતો. પરંતુ પહેલા વરસાદમાં જ વેડ-વરિયાવ બ્રિજનો એક ભાગ બેસી ગયો છે.

પહેલાં જ વરસાદમાં તંત્રની પ્રામાણિકતા અને ઈમાનદારીના ધજાગરા ઉડી ગયા છે. બ્રિજ સેલના અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો હોવાની ચર્ચા છે. ૧૧૮ કરોડ રૂપિયા કોના ખિસ્સામાં સમાયા તે એક મોટો સવાલ છે.

રાજકોટ-ગોંડલ ચોકડી પર

### મોદીના સમાન નાગરિક સંહિતા અંગે નિવેદન બાદ વિવાદ

# ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તત્કાળ બેઠક બોલાવી

## યુનિફોર્મ સિવિલ કોડના કાયદાકીય પાસાઓ પર ચર્ચા કરવામાં આવી, બોર્ડ પોતાનો આખો ડ્રાફ્ટ તૈયાર કરશે

નવી દિલ્હી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક સંહિતા અંગે નિવેદન આપ્યા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તાત્કાલિક બેઠક બોલાવી. યુનિફોર્મ સિવિલ કોડના મુદ્દે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની આ મીટિંગ લગભગ ૩ કલાક ચાલી. મીટિંગમાં યુનિફોર્મ સિવિલ કોડના કાયદાકીય પાસાઓ પર ચર્ચા કરવામાં આવી.

આ દરમિયાન બોર્ડ સાથે જોડાયેલા વકીલોએ પણ પોતાનો મત મૂક્યો. મીટિંગમાં નિર્ણય લેવાયો કે બોર્ડ પોતાનો એક આખો ડ્રાફ્ટ તૈયાર કરશે. જે બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સાથે જોડાયેલા લોકો લો કમિશનના અધ્યક્ષને મળવાનો સમય માંગશે.

આ દરમિયાન બોર્ડ પોતાનો ડ્રાફ્ટ લો કમિશનને આપશે. શરીયતના જરૂરી ભાગોનો આ ડ્રાફ્ટમાં ઉલ્લેખ હશે. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર જ ચર્ચા કરવામાં આવી. વિપક્ષને પણ યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો સંસદમાં ઉઠાવવાની વિનંતી કરવામાં આવશે. પીએમ મોદીએ યુનિફોર્મ સિવિલ કોડનો વિરોધ કરનાર પર કટાક્ષ કરતા કહ્યુ કે તે લોકો પોતાના હિત માટે અમુક લોકોને ભડકાવી રહ્યા છે. સમાન નાગરિક સંહિતાનો અર્થ છે દેશના તમામ નાગરિક માટે એક સમાન કાયદો હોવો, જે ધર્મ પર આધારિત ન હોય.

### સહાય પેકેજનો સમયગાળો લંબાવ્યો

# ડુંગળી પકવતા ખેડૂતો માટે સરકારની [redacted]ી જાહેરાત

## રાહત આપવા સરકારે લાલ ડુંગળી પકવતા ખેડૂતોને આપવામાં આવતી સહાયનો સમયગાળો લંબાવ્યો છે

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ડુંગળીની ખેતી કરતા ખેડૂતો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે.

રાજ્ય સરકારે લાલ ડુંગળી પકવતા અને તેનું સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની એ.પી.એમ.સી.માં વેચાણ કરતા ખેડૂતોને પ્રતિ કિલો બે રૂપિયાની આર્થિક સહાય કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો હતો.

આ પેકેજનો વધુને વધુ ખેડૂતો લાભ લઈ શકે એ માટે પેકેજનો સમયગાળો લંબાવવાનો રાજ્ય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય [redacted] આવ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, આ નિર્ણયના પરિણામે આ સમયગાળા દરમિયાન પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલી લાલ ડુંગળી ખેતરથી એ.પી.એમ.સી.માં જ વેચાણ કરી હોય તેવા અન્ય ખેડૂતોને પણ આવરી લેવામાં આવશે. નવા સમયગાળામાં આવરી લેવાયેલા ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર ઓનલાઈન અરજી કરી શકે તે માટે પોર્ટલ આગામી તા. ૨૬/૦૭/૨૦૨૩ સુધી ખુલ્લુ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# અમરેલી મહિલા વિકાસગૃહની બાળાઓને આર્ટ ઓફ લિવિંગ દ્વારા યોગ વિશે સમજ અપાઈ






અમરેલી મહિલા વિકાસ ગૃહની બાળાઓને અમરેલી આર્ટ ઓફ લિવીંગનાં પ્રશિક્ષક યોગનાં ટ્રેનર ઉમેશભાઈ દુધાત, કાનનબેન અને રાઘવભાઈ પરમાર તથા વોલીન્ટર આશિષભાઈ, પરેશભાઈ, મયુરભાઈ ડેર, અભિષેકભાઈ ઠાકર, દિશા મકવાણા, ટિવંકલ મકવાણા, નિલેશભાઈ મોવલિયા તથા એફટીસી હોલ ટીમ દ્વારા યોગ વિશે માહિતી આપેલ તથા અલગ અલગ ગમ્મત સાથે જ્ઞાન, યોગ, આસનો, ધ્યાન, પ્રાણાયામ કરાવી યોગ સપ્તાહની ઉજવણી કરાવવામાં આવેલ છે. જેમાં મહિલા વિકાસ ગૃહની દીકરીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહ અને આનંદ, પ્રેમ, મસ્તી સાથે લાભ લીધેલ. અને એક શાંતિ ખુશી અને આનંદની અનુભૂતિ કરેલ. જેને સફળ બનાવવા સંસ્થાનાં સંચાલક હરેશભાઈ દવેએ ખૂબ જ જહેમત ઉઠાવેલ તેમ ઉમેશ દુધાતની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા : સરકારી કન્યાશાળામાં બાલવાટિકા શિક્ષક તાલીમ યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૮

શ્રી બ્રાન્ચ શાળા નંબર ૨ કન્યા શાળા મણીભાઈ ચોકમાં તારીખ ૨૬, ૨૭, ૨૮ જૂન બાલવાટિકા શિક્ષક તાલીમ લેવામાં આવેલ. જેનો સમય પહેલા ૧૦–૩૦ થી ૦૫–૩૦ હતો, પછી થી સમય સવારનો ૭–૦૦ થી ૧–૩૦નો કરવામાં આવેલ. શાળાના બાળકોના અભ્યાસની સાથે જ, કાર્યક્રમ સરકારના ધારાધોરણ મુજબ બાલવાટિકાનો સરસ મજાનો પ્રોગ્રામ શિક્ષક તાલીમ યોજાયો.

તે બદલ અમે શાળા નંબર ૨ના તમામ કર્મચારીઓ ધન્યતા અનુભવીએ છીએ. પરંતુ સાથે એ પણ કહેવાનું ઘટે કે આ એક બાલિકાઓની કન્યાશાળા છે અને તેમાં દીકરીઓના સંસ્કાર સિંચન ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. પ્રાર્થનાખંડની અંદર પ્રાચાર્ય તેમજ દરેક માસ્ટર ટ્રેનર અને સીઆરસીઓ ખૂબ સરસ મજાનો અભ્યાસ કરાવતા હતા. પરંતુ જે મોટી ઉંમરના ગુરૂજીઓ હતા તેઓ નીચે ચા પીને ગમે ત્યાં ચાની પ્યાલીઓ ફેંકવી, માવા ખાઈને ગમે ત્યાં માવાઓ થુંકવા, દીકરીઓ જયાં ડિશ વોશ કરે છે ત્યાં માવા થુંકીને માવાથી ગંદુ કરવું. સેનીટેશન વિભાગમાં પુરૂષ સેનીટેશન એક અલગ આપવામાં આવેલું. છતાં પણ દીકરીઓ જે છે નાની ઉંમરની એ અંદરથી સેનિટેશન બંધ ન કરે બે દીકરીઓ આગળ ધ્યાન રાખતી હોય છે. તો તેમાં પણ એક બે વખત મોટી ઉંમરના પુરૂષ તાલીમાર્થી ભૂલથી અંદર જઈ ચડયા. આવું બધું થયેલું દીકરીઓને અમે સ્વચ્છતાના પાઠ ભણાવીએ અને તેઓ જ અમને પ્રશ્ન કરે કે આ મોટા આ શું કામ આવ્યા છે? તો અમે કીધું કે તેઓ ભણવા આવ્યા છે તો એ ભણે છે ને એ કચરો ગમે ત્યાં નાખે છે તો તમે એને કેમ ના પાડતા નથી? તો એને પ્રશ્નનો શું જવાબ આપવો? આવાં પ્રશ્નો પણ બાળ માનસમાં ઉપસ્થિત થાય છે.

જો કે એકંદરે તાલીમ સરસ મજાની ગોઠવાઈ. પરંતુ શિક્ષકોએ પણ આવી બાબતોમાં થોડુંક ધ્યાન રહે તે ઉચિત અને યોગ્ય જણાશે. શાળા મધ્યમાં હોવાથી છાશવારે આજ શાળામાં તમામ તાલીમ ગોઠવાય છે અને દિકરીઓના શિક્ષણનો ભોગ બને છે તો, હવે પછી સ્થળ અને સમયનું યોગ્ય આયોજન થાય તેવી સ્કૂલ એસએમસી કમિટીની માંગ છે.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરૂ છું કે મારૂ જૂનું નામ
મીનસારિયા અઝીમઅલી હાસમઅલી
(Minsarya Ajimali Hasamali)
હતું જે બદલાવી મેં મારૂ નવું નામ
મીનસારીયા અઝીમભાઈ હાસમભાઈ
(Minsariya Azimbhai Hasambhai)
કરેલ છે. હવેથી હું મારા નવા નામ
મીનસારીયા અઝીમભાઈ હાસમભાઈ
(Minsariya Azimbhai Hasambhai)
તરીકે ઓળખાઈશ.

મીનસારીયા અઝીમભાઈ હાસમભાઈ
એડ્રેસ : ગોલ્ડનપાર્ક સોસાયટી,
મુ. અમરાપરા, તા. બાબરા.


## પાના ૮ ઉપરનું ચાલું રામપરા–૨ ગામેથી

ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુક્કો ૬૨.૬૮૩ કિલો ગ્રામ તથા અફીણ ૧.૦૧૮ કિ.ગ્રામ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિમત રૂા. ૨,૧૫,૯૯૯/– નાં જથ્થા સાથે એક આરોપીને અમરેલી એસ.ઓ.જી. ટીમે ઝડપી લીધેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ, તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ટીમ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, રાજુલા તાલુકાના રામપરા–૨ ગામે રહેતા સોમાભાઈ ગાંડાભાઈ વાઘએ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરે છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેના ભુક્કાનો જથ્થો કુલ વજન–૬૨.૬૮૩ કિલો ગ્રામ કિ. રૂા. ૧,૮૮,૦૪૯ તથા કાળા કલરનો ઘટ્ટ માદક પદાર્થ અફીણ જેનું વજન ૧.૦૧૮ કિ.ગ્રામ કિ. રૂા. ૨૫,૪૫૦ તથા એક ઈલેક્ટ્રીક વજન કાંટાની કિ. રૂા. ૧૫૦૦ તથા એક મોબાઈલ ફોનની કિં. રૂા. ૧૦૦૦ મળી કુલ કિ. રૂા. ૨,૧૫,૯૯૯નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે તેમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું દેશભરમાં ટમેટાનાં ભાવ આસમાને

મુદે કેન્દ્રની ભાજપ સરકાર કેમ મૌન છે ?

સંગ્રહખોરો, કાળા બજારીયાને નાથવામાં નાકામ ભ્રષ્ટ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, એક તરફ શાકભાજી પકવતા ખેડૂતોને પુરતા ભાવ મળતા નથી અને વચેટીયાઓ બેફામ લૂંટ ચલાવે છે. ભાજપ સરકાર કેમ આવા સંગ્રહખોરો–કાળા બજારીયાઓને રક્ષણ આપી છે. ઘઉંનો લોટ, મીઠું, મસાલા સહિત રોજબરોજની જરૂરિયાતની ચિજવસ્તુઓમાં તો સતત ભાવ વધી રહ્યા છે પરંતુ છેલ્લા એક મહિનામાં ડુંગળી–બટાકાના ભાવમાં વધારો થયો છે. એક મહિનામાં બટાકામાં ૬.૩ ટકાનો અને ડુંગળીમાં ૮.૪ ટકાનો ભાવ વધારો થયો છે. છ મહિના પહેલા તુવેરદાળની કિંમત ૧૧૫ રૂપિયા હતી જે વધીને ૧૪૮ રૂપિયા થઈ ગઈ છે. ગ્રોસરી સ્ટોરમાં એક કિલો બ્રાન્ડેડ અડદની દાળની કિંમત પણ ૨૧૯ને પાર થઈ છે. રોટલી, દાળ સાથે કે શાક સાથે બન્નેમાં આગ ઝરતી મોંઘવારીને કારણે સામાન્ય નાગરિક મુશ્કેલીમાં મુકાયો છે. દેશના કેટલાંક ભાગમાં જીરૂની કિંમત ૭૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી છે. દાળ તો મોંઘી થઈ છે પરંતુ તેમા તડકો લગાવવો પણ હવે મોંઘુ થઈ ગયું છે. એક અઠવાડિયામાં જીરાની કિંમતમાં ૧૫૦ થી ૧૭૫ રૂપિયા જેટલો ભાવ વધારો જોવા મળ્યો છે. આંત્તરરાષ્ટ્રીય ફ્રૂડ ઓઈલમાં સતત ઘટાડો હોવા છતાં ભાજપ સરકાર છેલ્લા આઠ વર્ષમાં ૧૪૦ કરોડ નાગરિકોનાં ખિસ્સામાંથી ૨૯ લાખ કરોડ રૂપિયાની લૂંટ ચલાવી છે, ભાજપ સરકારની લૂંટનું મોડેલ. ભાજપ સરકારની નીતિને કારણે રોટી અને રોજગાર ગાયબ થયો છે. પેટ્રોલ–ડીઝલ, ઘરેલું ગેસ સીલીન્ડર કોંગ્રેસનાં શાસનમાં ૪૧૪ રૂપિયામાં મળતો હતો તે આજે ભાજપ સરકારે ૧૧૪૦ રૂપિયા જેટલો અતિ મોંઘો કરી દીધો છે. કઠોળ, શાકભાજી સહિત તમામ વસ્તુઓના ભાવ વધારામાં ગુજરાતની ગૃહિણીઓનું ઘર સંભાળ વાનું મુશ્કેલ બન્યું છે. રોજબરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓમાં અસહ્ય ભાવ વધારો ઓછો કરવા સરકાર પગલા ભરે અને જનતાને તાત્કાલિક લાભ આપે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાપ માલેતુજારને ત્યાં

પ્રથમ નંબરે પાસ થયો.

આ દરમ્યાન રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા એસ.એન. કણસાગરા સ્કૂલમાં સ્પેનિશ લેન્ગવેજ ટયુટરની વેકેંસી હોવાથી ત્યાં ઈન્ટરવ્યુ માટે ગયો. ત્યાં મૂળ ફ્રાન્સનાં બે નિષ્ણાંત Virginia garsia અને Damien કે જેઓ આ સ્કૂલમાં હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ છે, આ બન્ને દ્વારા ખૂબજ ઊંડાણપૂર્વક આફિદીનને સ્પેનિશ લેન્ગવેજમાં ચકાસીને પસંદ કરવામાં આવ્યો અને સામાન્ય ગરીબ કુટુંબમાંથી આવતા આ બાળકને જયારે તેને સ્ટાર્ટીંગ ૩૫,૦૦૦/– સેલરીની ઓફર થઈ ત્યારે આંખમાં ઝળઝળિયા આવી ગયા એણે ફોનથી પોતાનાં મમ્મી પપ્પાને જયારે આ સમાચાર આપ્યા ત્યારે આ પરિવારમાં જાણે ઈદ આવી !! આ રાજકોટ સ્થિતએસ.એન.કે.માં IGCSF (international genaral certificate of secondary Education) CAMBRIDGE નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે ત્યારે એમાં સ્પેનિશ ભાષામાં માતૃભાષા જેટલી જ પક્કડ હોય તો જ ચાલે. ત્યારે વેરી વેરી ટેલેંટેડ શેખ આફિદીન તમામ કસોટીમાં ખરો ઉતરી અત્યારે ત્યાં ટ્યુટર તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી રહ્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ધારાસભ્યએ

તમારા કામો થઈ જશે, તેવી ધરપત આપવામાં આવે છે. અને ધારાસભ્ય દ્વારા સોશ્યલ મીડિયામાં વિકાસનાં નામે મોટી મોટી ગુલબાંગો ફેકતા હોવાની લોકો અનુભૂતિ કરી રહ્યા છે, અને થોડાં દિવસ પહેલાજ ધારાસભ્યનાં કાર્યાલય પાસે સિમેન્ટ કોંક્રેટ રોડ બનાવવામાં આવ્યો છે. તો શું? આ રોડની કોઈ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે કે કેમ ? અને જો ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હોય તો કઈ એજન્સીને આ ટેન્ડર લાગ્યું છે. અને પાલિકા દ્વારા એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે કે કેમ? તેની પણ લોકોએ તપાસ કરાવી જોઈએ હું જાણું છું ત્યાં સુધી ધારાસભ્ય કાર્યાલય પાસે રાતોરાત બનેલા આ સી.સી. રોડની પાલિકા દ્વારા કોઈપણ જાતની પ્રોસેસ કર્યા વગર સત્તાપક્ષના ધારાસભ્ય હોવાના નાતે આ રોડ બનાવવામાં આવ્યો હોવાનું અમને જાણવા મળ્યું છે. અને જો આનું ઓનલાઈન ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય અને જો કોઈ એજન્સીને આનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હોય તો તેમની સોશ્યલ મીડિયામાં આની કોપી મૂકી અથવા અમોને આપી તેમની પ્રમાણિકતા બતાવે જો બાયપાસ રોડમાં નાનું એવું ગાબડું પડે અને ધારાસભ્ય ત્યાં દોડી જઈ સસ્તી પ્રસિધ્ધિ મેળવવાના પ્રયાસો કરતા હોય, તો જયારે શહેરના નાગરિકોના રોડ બાબતના કામ કરવાના બદલે ધારાસભ્ય લોકોના પ્રશ્નોને નેવે મૂકી પોતાની કાર્યાલય પાસે રાતોરાત રોડ બનાવરાવી જનતાનાં ટેક્ષના પૈસાનો પણ આ એક ભ્રષ્ટાચારજ કહેવાય માટે પ્રમાણિકતાની ગુલબાંગો ફેંકતા આ ધારાસભ્યને પોતાનો રોડ બનાવરાવવો હતો તો ત્યાં પ્રમાણિકતા યાદ ન આવી આતો સૌનો સાથ અમારો વિકાસ તે સૂત્રને સાર્થક કરતી વાત છે. માટે પોતાની કાર્યાલય પાસે રાતોરાત રોડ બનાવી શકતા હોય, તો સાવરકુંડલા શહેરમાં લોકોના બાકી રહેલા રોડ–રસ્તા કરવામાં કયું મૂહર્ત નડે છે. તે સમજાતું નથી અને લોકોએ ભારતીય જનતા પાર્ટીને આ માટે પાલિકાનું સુકાન સોપ્યું છે? તેઓ પણ હિતેશ જયાણી એ સવાલ કર્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સાર્વત્રિક મેઘરાજાની

સહિતના ગામોમાં ધીમીધારે વરસાદથી વાવેતર બાદ કાચા સોના રૂપી વરસાદ પડતાં ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતાં.

સાવરકુંડલાના ઘોબા, પીપરડી, ફિફાદ, ભમોદ્રા ગામમાં વરસાદ પડયો હતો જેને લઈ ઘોબાની મેરામણ નદીમાં પૂર આવ્યું હતું. જયારે ફિફાદ નજીક પસાર થતી શેત્રુંજી નદીમાં સંધ્યા ટાણે પુર આવતા પ્રથમ પર જોવા લોકોનાં ટોળેટોળા ઉમટયા હતા.

**વડિયા**

બીપરજોય વાવાઝોડા સમગ્ર રાજયમાં ચોમાસની શરૂઆત થતી જોવા મળી છે. ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં બપોર બાદ મેઘરાજાની ધમાકેદાર ઈનિંગ જોવા મળી હતી. જેમાં બપોર બાદ વાતાવરણ પલટાઈને ૮૭ એમએમ (૩.૫ ઈંચ) જેટલો વરસાદ નોંધાયો હતો. ત્યારે ટૂંકા સમયમાં એક સાથે સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાતા વડિયાની બજારો પાણીથી છલકાઈને જાણે નદીનું રૂપ ધારણ કર્યુ હોય તેવા દ્રષ્યો જોવા મળ્યા હતા. તો બીજી બાજુ સામાન્ય વરસાદથી ખેડૂતોએ વાવણી કર્યા બાદ મૂરજાતા પાકથી ચિંતિત ખેડૂતો ચાતક નજરે વરસાદની રાહ જોતા હતા. તેના પાકને ભરપેટ પાણી મળતા ખેડૂતોના હૈયે જાણે હરખની હેલી છુટી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. વરસાદી માહોલ જામતા સમગ્ર પંથકના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ઉકળાટ અને ગરમીમાંથી રાહત મળી હતી.

**બાબરા**

બાબરામાં સમગ્ર પંથકમાં બપોર બાદ મેઘાવી માહોલ જામ્યો હતો. જો કે વાતાવરણ મુજબ વરસાદ નહિ આવતા ખેડૂતો અને લોકોમાં નિરાશા પણ જોવા મળી હતી. છેલ્લા એક પખવાડિયાથી બાબરામાં જોરદાર વાદળાં બંધાય છે, મેઘાવી માહોલ બની રહ્યો છે પણ પવનના કારણે વાદળો વિખરાય જતા વરસાદ નહીં આવતા ખેડૂતોમાં નિરાશા જોવા મળી હતી.

આજે સવારથી બાબરામાં વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું હતું. આકાશ કાળા વાદળથી બંધાય ગયું હતું અને બપોરબાદ જોરદાર વરસાદ શરૂ થતાં અષાઢી માહોલ સર્જાયો હતો. બાબરામાં શહેરમાં જોરદાર વરસાદનું ઝાંપટું પડી જતા થોડીવારમાં અધડા ઈંચ પાણી પડી જતા શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું. તેમજ ગ્રામ વિસ્તારમાં ચમારડી, ઉંટવડ, ચરખા, વાવડી, દરેડ, ખાખરીયા સહિતના ગામડાઓ પણ જોરદાર એક ઈંચ વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી અને આગામી દિવસોમાં હજુ સારા વરસાદની આશા સેવી હતી.

બાબરા તાલુકાના પાંચાલ વિસ્તારના કીડી ગામે મેઘરાજાનું જોરદાર આગમન થતા એક કલાકમાં બે ઈંચ વરસાદ પડતાં વાડી, ખેતરમાં પાણી ભરાયા હતા અને ઓગન વહેતા થયા હતા. તેમજ ચેક ડેમ અને નદીઓ વહેતી બનતા સ્થાનિક લોકો અને ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. વાવણીલાયક વરસાદ પડી જતા સૌ કોઈ આનંદથી ઝૂમી ઉઠયા હતા. બાબરા તાલુકાના જામ બરવાળા, કોટડાપીઠા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોરદાર વરસાદ પડયો હતો.

**કોટડાપીઠા**

બાબરા તાલુકાનાં કોટડાપીઠા તેમજ આજુબાજુનાં ગ્રામ્ય પંથકમાં આજે બપોર બાદ વીજળીનાં કડાકા ભડાકા સાથે એક ઈંચ વરસાદ પડેલ છે. આ વરસાદથી ખેડૂતો તેમજ પશુપાલકોમાં આનંદ છવાયેલ. આજનાં આ વરસાદથી વાવેતર કરેલ મોલાતને ફાયદો થશે તેમજ પશુઓને ઘાસચારાનો પ્રશ્ન હલ થશે. આ વરસાદથી ગરમીમાં રાહત મળી તેમજ આ લખાય છે ત્યારે પણ ધીમીધારે વરસાદ ચાલું છે.

**બગસરા**

બગસરા પંથકમાં આજે ૧.૫ ઈંચ જેવો વરસાદ વરસ્યો છે. બગસરાના ગોંડલીયા ચોક, સ્ટેશન રોડ, મેઈન બજારમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા તેમજ આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાંપટાનો માહોલ જોવા મળ્યો હતો.


**સંકુલ ધો. ૧૧ આર્ટસ & BA-MA કોલેજ પ્રવેશ**

★ ધો. – ૧૧ વિષય જુથ – મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર – રાજ્યશાસ્ત્ર OR મનોવિજ્ઞાન – ઈતિહાસ – ભૂગોળ – રાજ્યશાસ્ત્ર

★ BA કોલેજ મેઈન – મનોવિજ્ઞાન & સમાજશાસ્ત્ર & ઈંગ્લીશ ગૌણ – અર્થશાસ્ત્ર – સંસ્કૃત ★ ( BBA & BCA કોલેજ )

★ MA કોલેજ – મનોવિજ્ઞાન & સમાજશાસ્ત્ર & ઈંગ્લીશ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન: [illegible] Ad051


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૪૦ |
| ૨ | ચણા | ૯૧૫ | ૯૧૫ |
| ૩ | જુવાર સફેદ | ૯૧૧ | ૧૦૧૨ |
| ૪ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૯૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૪૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૨૫૦ | ૧૪૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૦૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૭૦૦ | ૧૮૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૦ | ૩૨૩૧ |
| ૬ | તલ કાળા | ૨૩૫૩ | ૩૨૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૭૦ | ૩૩૩૬ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૧૨ |
| ૯ | જુવાર | ૫૩૦ | ૯૭૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૨૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૬ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ૧૩ | ચણા | ૪૫૮ | ૧૦૦૦ |
| ૧૪ | તુવેર | ૪૬૫ | ૧૫૭૨ |
| ૧૫ | કપાસ | ૯૫૫ | ૧૪૩૨ |
| ૧૬ | એરંડા | ૯૦૦ | ૧૧૪૨ |
| ૧૭ | રાય | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૮ | ધાણા | ૭૮૦ | ૧૨૯૮ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૧૫૮ |
| ૨૦ | સોયાબીન | ૯૧૬ | ૯૫૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૪૨ |
| ૨ | મગફળી | ૧૨૫૫ | ૧૩૬૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૩૦ | ૩૧૦૦ |
| ૪ | ઘઉં | ૪૨૨ | ૪૫૮ |
| ૫ | ચણા | ૮૯૫ | ૯૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૪૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૫૪૧ |
| ૩ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૪૨૦ |
| ૬ | જીરૂ | ૯૫૦૦ | ૧૦૦૦૦ |
| ૭ | કપાસ | ૧૨૧૫ | ૧૪૩૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૫ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૨ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૪૩૨ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૬૦ |
| ૧૨ | મકાઈ | – | ૬૨૩ |
| ૧૩ | મગ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા | ૯૦૦ | ૯૬૭ |
| ૧૬ | તુવેર | ૧૪૦૦ | ૧૭૫૦ |
| ૧૭ | એરંડી | ૯૫૦ | ૧૧૦૪ |
| ૧૮ | મેથી | – | ૧૧૩૦ |
| ૧૯ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૨ | મગફળી | ૧૨૯૦ | ૧૩૭૭ |
| ૩ | ઘઉં | ૩૫૭ | ૪૬૧ |
| ૪ | ચણા | ૯૦૬ | ૯૪૧ |
| ૫ | મગ | ૧૪૦૫ | ૧૭૧૭ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૨૦૧ |
| ૭ | સફેદ તલ | ૩૦૧૦ | ૩૧૦૧ |
| ૮ | કાળા તલ | ૨૮૨૫ | ૨૮૨૫ |
| ૯ | સોયાબીન | ૯૩૦ | ૯૩૯ |
| ૧૦ | મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૧ | તુવેર | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ૧૨ | એરંડા | ૧૦૫૫ | ૧૦૮૬ |
| ૧૩ | શીંગ ફાડા | ૧૭૩૦ | ૧૯૧૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૨ | ધાણા | ૯૯૫ | ૧૧૪૦ |
| ૩ | ચણા | ૮૬૨ | ૯૪૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૮૬ |
| ૫ | જીરૂ | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| ૬ | સોયા | ૯૧૯ | ૯૩૦ |
| ૭ | મગફળી | ૧૩૩૨ | ૧૫૭૦ |
| ૮ | શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૯૧૯ | ૩૦૦૦ |
| ૧૦ | તલ કાળા | ૨૭૩૫ | ૨૭૭૦ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૭૦૧ | ૧૮૧૯ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૪૮૬ |
| ૧૩ | તુવેર | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૧૪ | જુવાર | ૬૩૫ | ૧૦૪૦ |
| ૧૫ | લસણ | ૯૯૫ | ૯૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૨૫૧ |
| ૩ | તલ કાળા | ૩૦૨૧ | ૩૦૨૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૩૧ |
| ૫ | બાજરો | ૪૦૧ | ૪૫૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૨ |
| ૭ | જુવાર | ૫૫૧ | ૧૦૪૧ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૯ | મગ | ૧૦૦૧ | ૧૬૫૦ |
| ૧૦ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | ધાણા | ૮૦૧ | ૮૦૧ |
| ૧૨ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૮૮૧ | ૯૩૫ |
| ૧૪ | શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૨૦ |
| ૧૫ | રાજગરો | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૧૬ | સોયાબીન | ૯૬૧ | ૯૬૫ |

### મહિલાઓની ઉન્નતિ માટે કટિબદ્ધ સરકાર

# અમરેલીના વૃદ્ધા માટે તાલુકા સ્વાગત કાર્યક્રમ બન્યો આશિર્વાદ સમાન

## ગંગાસ્વરૂપા યોજના હેઠળ વિધવા પેન્શન મંજૂર થયું

અમરેલી, તા.૨૮

છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. રાજયના વિકાસ માટે દ્વિતીય સ્થંભ હેઠળ રાજય સરકાર દ્વારા મહિલા અને બાળવિકાસ વિભાગ હેઠળ વિવિધ યોજનાઓ શરૂ છે.

આ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અમરેલી જિલ્લા વહીવટીતંત્ર પ્રયત્નશીલ છે. નાગરિકોની સમસ્યાઓનું નિવારણ આવી શકે તે માટે રાજય સરકારના પારદર્શી અભિગમ સાથે છેલ્લા ૨૦ વર્ષથી રાજયભરમાં તાલુકા, જિલ્લા અને રાજય સ્તરે સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. સ્વાગત કાર્યક્રમ દ્વારા રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ અસરકારક અને ઝડપી રીતે નાગરિકોના પ્રશ્નોનું નિવારણ થઈ રહ્યું છે. સ્વાગત કાર્યક્રમની પ્રણાલિ એ એક આદર્શ અને સફળ ઉદાહરણ તાજેતરમાં જ અમરેલી તાલુકા મામલતદાર કચેરીમાં જોવા મળ્યું હતું.

અમરેલી શહેરના ચક્કરગઢ વિસ્તારમાં રહેતા વૃદ્ધ મહિલાના પતિનું અવસાન થતા તેઓ નિરાધાર બન્યા હતા. તેવામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ થકી મહિલાને સ્વમાનભેર જીવન વિતાવવા માટે આધાર મળ્યો છે. સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવેલી ગંગાસ્વરૂપા પેન્શન યોજનાની અરજી તાત્કાલિક મંજૂર થઈ



જતા અમરેલીના મહિલા રમાબહેન નાથાભાઈ વાઢેરે સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

આ અંગે રમાબહેન વાઢેરે જણાવ્યું કે, 'મારા પતિનું ૧૦ મહિના પહેલા અવસાન થયું હતું. ઘરમાં નાનો એક દીકરો છે જે હજુ આર્થિક રીતે પગભર નથી. આથી, મારા અને મારા સંતાન માટે આર્થિક ઉપાર્જનનો આધાર નહોતો. દરમિયાન મને પરિચિત દ્વારા 'તાલુકા સ્વાગત' કાર્યક્રમ વિશે જાણવા મળ્યું હતું. મેં સાધનિક પુરાવા સાથે વિધવા મહિલાઓને મળતા રાજય સરકારના આ પેન્શન માટે અરજી કરતા મારી અરજી મંજૂર થઈ છે. રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર.'

રમાબહેનની અરજી મંજૂર થતા તેમને સરકારની ગંગા સ્વરૂપા યોજના હેઠળ પ્રતિ માસ વિધવા પેન્શન સહાય મળશે. સહાયની આ રકમ થકી તેમને ઘણી મદદ મળશે તેવો વિસ પણ તેમણે વ્યકત કર્યો હતો. આમ, સરકારની માનવ સંસાધન વિકાસની નેમ હેઠળ રાજયના અનેક નાગરિકોની સમસ્યા દૂર થઈ રહી છે તેમજ સુખાકારીમાં ઉમેરો થઈ રહ્યો છે.

તાલુકા સ્વાગત કાર્યક્રમ વિશે તાલુકા સ્વાગત કાર્યક્રમ દર મહિનાના ચોથા બુધવારે (જિલ્લા અને રાજયના સ્વાગત કાર્યક્રમના આગલા દિવસે) તાલુકાના મામલતદરા અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવે છે.

આ કાર્યક્રમમાં અરજદારે જે-તે તાલુકાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમના મથાળા હેઠળ તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને પૂરતા પુરાવાઓ સાથે અરજી કરવાની રહે છે. જો કોઈ અરજદારનો પ્રશ્નો ગ્રામ કક્ષાનો હોય તો આ પ્રશ્ન પહેલાં પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકને પ્રથમ અરજી કરી હોવી જોઈએ. આ અરજી અનિર્ણિત હોય તો તાલુકા કક્ષાએ અરજી કરવી. તાલુકા કક્ષાના પ્રશ્નો માટે નિયત આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકાશે. અરજદાર આ કાર્યક્રમમાં સામૂહિક અરજી કરી શકે નહીં પરંતુ એક જ વિષયને લગતી અરજી કરી શકે છે. તાલુકા સ્વાગત કક્ષાના કાર્યક્રમોની તારીખ અને વિગતો વખતોવખત પ્રતિ મહિને વર્તમાનપત્રોમાંથી માહિતી અને વિગતો મેળવીને અરજી કરી શકાય છે.

# સા.કુંડલા : મહિલા આર્ટસ કોલેજમાં કાલિદાસ જયંતિની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં કાલિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી. શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી . ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામા કાલિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લીલીયાની ગવર્મેન્ટ કોલેજના અદયાપક ડો. કેતનભાઈ કાનપરીયા તથા પ્રા. સુભાષભાઈ ઓડેદરા અતિથી વિશેષ તરીકે હાજર રહ્યા હતા. તારીખ. ૨૭/૬/૨૦૨૩ના દિવસે પ્રભાતે કોલેજમાં મેઘદૂત પર રંગોળી તથા પોસ્ટર પ્રોજેકટવર્ક તથા ચિત્ર અને પદાર્થ પ્રદર્શન યોજવામાં આવેલ. કાર્યકારી આચાર્ય ચાવડા દ્વારા મહેમાનોનું સ્વાગત અને પરિચય આપવામાં આવેલ તથા વાઘેલા હેતલ તથા ખીમસુરીયા એકતાએ કાલિદાસ પર વકતવ્ય રજૂ કર્યુ હતું. કોલેજમાં અભ્યાસ કરતી બહેનો દ્વારા સંસ્કૃત ભાષામાં ગીત રજૂ થયેલ. ડો. કેતનભાઈ કાનપરીયાએ ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃત સાહિત્ય વચ્ચેનું ૠણાનુબંધ વિષય પર વકતવ્ય આપ્યું હતું તથા પ્રા.સુભાષભાઈ ઓડેદરાએ સાયબર ક્રાઈમ અને મહિલાઓ વિશે વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડો. પ્રતિમા એમ. શુકલ દ્વારા કરવામાં આવ્યું તથા આભાર દર્શન પ્રા. કે.બી. પટેલ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને નુતન કેળવણી મંડળના વિભાગીય ટ્રસ્ટી કનુભાઈ ગેડીયાએ ટેલીફોનીક શુભકામનાઓ પાઠવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફગણનો સહયોગ મળ્યો હતો.

### પ્રાકૃતિક ખેતી થકી સમૃદ્ધ અને સશકત ખેડૂત અંતર્ગત


# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોના હિતમાં રૂપિયા ૩.૭૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યુ

## ઇફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ પેકેજને આવકાર્યુ

અમરેલી, તા. ૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) દ્વારા આજે કુલ રૂ. ૩,૭૦,૧૨૮.૭ કરોડના ખર્ચ સાથે ખેડૂતો માટે આવિષ્કારી યોજનાઓના અનન્ય પેકેજને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના સમૂહ ટકાઉક્ષમ કૃષિને પ્રોત્સાહન આપીને ખેડૂતોની એકંદરે સુખાકારી અને આર્થિક સુધારણા પર કેન્દ્રિત છે. આ પહેલ ખેડૂતોની આવકમાં વેગ લાવશે, કુદરતી/જૈવિક ખેતીને મજબૂત બનાવશે, જમીનની ઉત્પાદકતાને પુનર્જીવિત કરશે અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરશે.

ધરતી માતાના પુનઃસ્થાપન, જાગૃતિ લાવવા, પોષણ અને સુધારણા માટે પીએમ કાર્યક્રમ - (PMPRANAM), સલ્ફર કોટેડ યુરિયા (યુરિયાગોલ્ડ)નો પ્રારંભ; જમીનમાં સલ્ફરની ઉણપને દૂર કરવા અને ખેડૂતોનો ઈનપુટ ખર્ચ બચાવવા માટે આ શરૂઆત કરી. મંજૂર કરવામાં આવેલી યોજનાઓથી રાસાયણિક ખાતરોનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવામાં મદદ મળશે, જેનાથી ખેડૂતોને ખેતીના થતા ખર્ચમાં ઘટાડો થશે. કુદરતી/જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાથી, નેનો ફર્ટિલાઈઝર્સ અને





જૈવિક ખાતરો જેવા આવિષ્કારી અને વૈકલ્પિક ખાતરોની મદદથી આપણી ધરતી માતાની ફળદ્રુપતાને પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે.

દેશ ૨૦૨૫-૨૬ સુધીમાં યુરિયા બાબતે આત્મનિર્ભર બનવાના માર્ગે છે, નેનો યુરિયા ઈકો સિસ્ટમ મજબૂત થઈ, ખેડૂતોની સુખાકારી વધારવા, જમીનની ઉત્પાદકતાને ફરી સજીવન કરવા અને ખાદ્ય સુરક્ષા તેમજ પર્યાવરણીય ટકાઉક્ષમતા સુનિશ્ચિત કરવા માટે CCEA દ્વારા યોજના સમૂહને મંજૂરી આપવામાં આવી. CCEA એ યુરિયા સબસિડી યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી; ૩ વર્ષ (૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫) સુધી યુરિયા સબસિડી માટે રૂ. ૩,૬૮,૬૭૬.૭ કરોડની પ્રતિબદ્ધતા બતાવી વેલ્થ ફ્રોમ વેસ્ટના મોડેલનું દૃષ્ટાંત પૂરૂં પાડવા માટે બજાર વિકાસ સહાય (MDA) યોજના માટે રૂ. ૧૪૫૧ કરોડ મંજૂર; જમીનને સમૃદ્ધ બનાવવા અને પર્યાવરણને સુરક્ષિત તેમજ સ્વચ્છ રાખવા માટે ગોબરધન પ્લાન્ટમાંથી પરાળીઅને જૈવિક ખાતરનો ઉપયોગ કરવામાં આવશે, સલ્ફર કોટેડ યુરિયા (યુરિયા ગોલ્ડ)નો પ્રારંભ; જમીનમાં સલ્ફરની ઉણપને દૂર કરવા અને ખેડૂતોનો ઈનપુટ ખર્ચ ઓછો કરવા માટે આ શરૂઆત કરી. આજની કેબિનેટ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમના મંત્રી મંડળ દ્વારા ખેડૂતોના હિતમાં રાહત પેકેજ જાહેર કરેલ છે અને અન્ય યોજનાઓ પણ જાહેર કરેલ છે જેમને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સ્વાગત અને આવકારેલ છે.

# અન્નદાતા એક કદમ ક્રાન્તિ તરફ...એપ્લીકેશનનો શુભારંભ કરાવતા ગુજરાત રાજયનાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ

અમરેલી, તા. ૨૮

ખેડૂત તું શાનો ડરે, ધરતી ખેડીને ધન નિપજાવનાર, જગતને પાળનાર, બીજાની લાતો શાને ખાય ?

ઉપરોકત વાકય ઘણું કહી જાય છે. પરંતુ તેને સાર્થક કરવા પ્રયત્નો કરવા ખૂબ જરૂરી છે અને એ પણ હકીકત છે કે ખેડૂતની જો કોઈ મદદ કરી શકે તો તે ખેડૂત પોતે જ છે અને એટલ જ જુદા જુદા ખેડુતોએ એકબીજાના સાથ અને સહકાર થકી અન્નદાતા એપ્લીકેશન બનાવી છે.

ખેડુતો દ્વારા અને ખેડૂતો માટે ખેતીમાં આધુનિકતા, સરળતા અને નવીન અભિગમ લાવવાના ઉદ્દેશથી આ અન્નદાતા એપ્લીકેશન બનાવેલ છે. જેને તા. ૨૮.૦૬.૨૦૨૩ ના રોજ કૃષિ મંત્રી, ગુજરાત રાજય રાઘવજી પટેલ દ્વારા ખુલ્લી મુકવામાં આવેલ. આ એપ્લીકેશન ગુગલ પ્લેસ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાશે. રાજયનાં કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ખેડુતનાં દિકરાએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અન્નદાતા એપ્લીકેશન બનાવી છે. એટલે ખેડુતનાં દિકરાઓને શુભેચ્છા પાઠવું છું. રાજયનાં ખેડુતોનાં સંતાનો આધુનિક ખેતી કરતા થાય અને કૃષિ ક્રાન્તિમાં સફળતા પ્રાપ્ત કરે તેવી અપેક્ષા રાખું છુ.

વિશેષ આનંદની વાત તો એ છે કે ગુજરાતનાં ખેડૂતોને એવો વિચાર આવ્યો કે આપણે ખેડુતો માટે કંઈક કરીએ. આ એપ્લીકેશનમાં હવામાન વિશેની માહિતી તેમજ ખેતીને લગતી સંપૂર્ણ માહિતી જેવી કે વાવેતરથી લઈ બિયારણની પસંદગી, પાકમાં આવતી રોગ જીવાતો, પાકમાં જરૂરી એવા ભાડાના સાધનોની માહિતી અને અંતમાં વેંચાણ માટેનાં બજાર ભાવ સુધીની માહિતી મળી રહેશે. આમ આપણા ગુજરાતનો ખેડૂત આ એપ્લીકેશન થકી ટેક્નોલોજીનો ઉપયોગ કરી ખેતીમાં સારૂ ઉત્પાદન લેશે તેવી તેમણે આશા વ્યકત કરી હતી અને આ અન્નદાતા એપ્લીકેશન બનાવનાર આખી ટીમને આ તકે ફરી શુભેચ્છા પાઠવેલ હતી.

આ તકે કિસાન મોર્ચો-ગુજરાત(ભાજપ)નાં મહામંત્રી હીરેન હીરપરા અને તેમની ટીમ પણ આ તકે ઉપસ્થિત રહેલ. અને તેમણે જણાવેલ મારા ગુજરાત



રાજયનો ખેડુત કેમ સધ્ધર થાય તેવા હર હંમેશા અમારા પ્રયત્નો રહેલ છે. આ અન્નદાતા એપ્લીકેશન થકી ખેડુતોને જરૂરી એવી સંપૂર્ણ માહિતી મળી રહેશે તેવી મને આશા છે. અને ખાસ કરીને આ એપ્લીકેશન થકી ગુજરાત રાજયનો ખેડુત નવીનત્તમ પાક અને ટેકનોલોજી અપનાવી અને બીજા ખેડૂતોને ખેતીની નવી રાહ બતાવશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે.

ગુજરાતનાં કોઈપણ ખેડુતે ખેતીલક્ષી કંઈપણ નવીન ટેક્નોલોજી અપનાવી હોય અને સફળ થયા હોય તો તેમને આગળ ધપાવવા માટે અમારી આખી ટીમ હર હંમેશ માટે તત્પર છીએ અને કંઈપણ મદદની જરૂર હોય તો અમારી ટીમને જણાવવાનું આહવાન કરેલ. અંતમાં તેમણે પણ સમગ્ર અન્નદાતા ટીમને શુભેચ્છા પાઠવી હતી.

અન્નદાતા ટીમ દ્વારા જણાવેલ કે આ એપ્લિકેશનમાં ખેડૂતોને પોતાની રોજબરોજની ખેતીમાં ઉપયોગી થાય એવી માહિતી અને વિવિધ સંદર્ભોમાં ઉપયોગી સૂચનો પૂરા પાડે છે. જેવા કે વરસાદની માહીતી, હવામાનનું પૂર્વાનુમાન, ખેતી પાકની તબક્કાવાર માહિતી, રોગ જીવાતોની ઓળખ અને નિયંત્રણના પગલાં, પીયત ઘડી, સમજણપૂર્વક રાસાયણિક ખાતર વપરાશ અને ખાતરનું ગણીત અને ખેતી હિસાબની ડાયરી, ગુજરાત રાજયનાં માર્કેટીંગયાર્ડનાં દરરોજનાં બજાર ભાવ, સરકારી યોજનાઓની માહિતી, તમારી આસપાસનાં ભાડાના સાધનોની માહિતી વિગેરે માહીતિ આ એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

આ અન્નદાતા એપ્લીકેશનમાં છુટક તથા જથ્થાબંધ વેચાણ નોંધણી માટે પણ બિલકુલ ફ્રી સુવિધા આપવામાં આવેલ છે. એટલે કે ખેડુતો અને ખરીદનાર વેપારીઓને એકીસાથે જોડી એક પ્લેટફોર્મ ઉપર લાવવાનો પ્રયાસ કરેલ છે.

આ સિવાય ખેડુતો પોતાનો ખેતીનો માલ સિધો ગ્રાહકોને વેચી શકે તે માટે પણ સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેમાં પ્રાકૃતિક ખેતી કરતો ખેડુત હોય તો આ એપ્લીકેશનમાં ઓનલાઈન પોતાનો પ્રાકૃતિક કૃષિ સ્ટોર શરૂ કરી શકશે. આ સમગ્ર એપ્લીકેશન ખેડુતો દ્વારા અને ખેડુતો માટે બનાવેલ હોય જેથી ખેડૂત પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી કે ભવિષયમાં પણ લેવામાં આવેશે નહી તેવું ટીમ દ્વારા જણાવેલ.

અંતમાં મંત્રી દ્વારા અન્નદાતા ટીમને પ્રશ્ન કરેલ કે આવી એપ્લીકેશન બનાવવાનો વિચાર કઈ રીતે આવેલ તો અન્નદાતાની ટીમ દ્વારા જણાવેલ કે અમે તમામ ખેડુતો છીએ અને ખેતી સાથે જોડાયેલા છીએ.

જેથી ખેતીમાં જે કંઈ નાના મોટા પ્રશ્નો આવતા તેના નિરાકરણ માટે અલગ અલગ જગ્યાએ જવુ પડતુ હતુ અને ઘણીવાર સમયસર યોગ્ય માહીતી ન મળવાના કારણે ખેતીમાં નુકસાન જતુ હતુ. અમે મિત્રો અવાર નવાર મળતા ત્યારે વિચાર કરતા કે આવા પ્રશ્નો તો ગુજરાત રાજયનાં તમામ ખેડુતોને આવતા હશે તો આપણે સાથે મળી અને કંઈક કરીએ કે જેથી ખેતીમાં સમયસર જરૂરી માહિતી અને મર્ગદર્શન મળી રહે. અને વિચાર કરતા કરતા અંતે આ એપ્લીકેશન બનાવેલ છે.

આ એપ્લીકેશનને સરળ, વ્યવહારૂ અને ઉપયોગી બનાવવા માટે કૃષિ વૈજ્ઞાનિકો, ખેતીવાડી ખાતાનાં અધિકારીઓ, હવામાનનાં નિષણાંતો અને કિસાન મોર્ચો, ગુજરાત રાજય અને સૌ ખેડુતોનો અમુલ્ય સાથ અને સહકાર મળેલ છે. જે બદલ અમે આ તમામનાં ૠણી છીએ અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા વ્યકત કરેલ.

## યુવાનોનાં કૌશલ્યને વિકસિત કરવાનાં ધ્યેય સાથે

# અમરેલીની આઈટીઆઈએ શ્રેષ્ઠ કામગીરી થકી સમગ્ર રાજયમાં ત્રીજો ક્રમાંક મેળવ્યો

## શ્રેષ્ઠ તાલીમ અને શિક્ષણ આપવાનો પ્રયાસ



અમરેલી, તા. ૨૮

રાજયના બજેટનાં પ્રથમ સ્થંભ મુજબ જરૂરિયાતમંદ નાગરિકો, યુવાનોને પાયાની સુવિધા સાથે સામજિક સુરક્ષા આપવાની સાથે શ્રમ, કૌશલ્ય અને રોજગાર નિર્માણનો રાજય સરકારનો દ્રઢ નિર્ધાર છે.

કૌશલ્ય નિર્માણ અને કૌશલ્ય વિકાસ માટે રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) કાર્યરત છે. આઈ.ટી.આઈ.માં વિવિધ ટ્રેડ અંતર્ગત યુવાઓના કૌશલ્ય અને કુનેહ વિકસી શકે તે સાથે તેમને આર્થિક રીતે પગભર બનવા આ તાલીમ અને શિક્ષણ ઉપયોગી થાય તેવું ઉત્કૃષ્ટ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, યુવાઓના કૌશલ્ય અને કુનેહ વિકસી શકે તે માટે ઉમદા કામગીરી અમરેલી આઈ.ટી.આઈ. ખાતે થઈ રહી છે. આ કામગીરી અને તેના માપદંડો મુજબ સમગ્ર રાજયમાં અમરેલી આઈ.ટી.આઈ.એ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર અમરેલી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

અમરેલી ખાતે કાર્યરત આઈ.ટી.આઈ.માંથી વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્ય અને કુનેહ વિકસાવવા અભ્યાસ કરીને પોતાના સુંદર ભવિષ્ય નિર્માણ કરી રહ્યા છે.

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને અન્ય શહેરમાં વિવિધ પ્રકારની તાલીમ માટે ખ્યાતનામ કંપનીમાં મોકલવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા વિવિધ ૨૮ પાસાઓનો અભ્યાસ કરીને આઈ.ટી.આઈ. સંસ્થાઓને રેન્કિંગ આપવામાં આવે છે. આઈ.ટી.આઈ. અમરેલી ખાતે ધો. ૮ પાસથી ગ્રેજયુએટ સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે. તાલીમાર્થીઓને નિયમિત તાલીમ પણ આપવામાં આવે છે.

આ સંસ્થામાં તાલીમાર્થીઓને તાલીમ બાદ સરકારી, ખાનગી એકમોમાં રોજગારી, સ્વરોજગારી પ્રાપ્ત થાય છે. નિયમિત ભરતી મેળાનું પણ આયોજન કરી યુવાનોને રોજગારી માટેના દ્વાર ખોલી આપવામાં આવે છે, તેમ આઈ.ટી.આઈ. અમરેલીના આચાર્યની એક

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### જાફરાબાદનાં એક ગામમાં સાસરિયાઓએ માનવતા મૂકી

# મહિલાને ઘરમાંથી કાઢી મૂકીને ૧૫ માસના બાળકને માતા પાસેથી છીનવી લીધું

## ૩૬ કલાક બાદ અભયમે બાળકનું માતા સાથે મિલન કરાવ્યું

અમરેલી, તા. ૨૮

જાફરાબાદ તાલુકાના એક ગામમાં સાસરિયાઓએ માત્ર ૧૫ મહિનાના બાળકને તેના માતા પાસેથી છીનવી લઈને મહિલાને ઘરમાંથી કાઢ ી મૂકતાં અમરેલી ૧૮૧ ટીમ દ્વારા એક બાળકનું તેની માતા સાથે મિલન કરાવવામાં આવ્યું હતું.



અમરેલી ૧૮૧ માં જાફરાબાદના એક ગામથી એક મહિલાનો ફોન આવ્યો હતો અને તેના પતિ, સાસુ, સસરા, નણંદ વગેરે સાસરિયાં તેમની સાથે ઝગડો કરીને આ મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી અને તેમના માત્ર ૧૫ મહિનાના બાળ કને પણ તેની માતા પાસેથી સ્વાર્થમાં અંધ બનીને ક્રૂરતાપૂર્વક છીનવી લીધું હતું. બે દિવસથી આ મહિલા પોતાના બાળક માટે સાસરિયાઓને હાથ જોડતા હતા પણ માનવતા નેવે મૂકીને ક્રૂર સાસરિયાઓ હવે તને જોઈતી નથી તેવું કહી દેતા હતા અને બાળક પણ તેની માતાને આપતા ન હતા. જેથી બાળ કના વિરહમાં વ્યથિત બનેલી આ માતા દ્વારા અભયમ પાસે મદદ માગવામાં આવી હતી.આ અંગેની જાણ થતાં જ અમરેલી ૧૮૧ ના રોબીના બ્લોચ ટીમ સાથે પીડિતા પાસે પહોંચી ગયા હતા અને તેના સાસરીયામાં ગયા હતા. ઘરના આંગણામાં રમતો નાનો દીકરો માતાને જોતા જ રડવા લાગ્યો હતો અને એક બાળકનું માતા માટેનું આ રૂદન જોઈને ૧૮૧ ટીમે પીડિતા મહિલાના પતિ સાસુ સસરાને સાથે રાખી કાઉન્સિલીંગ કરી કાયદાકિય માહિતી આપી હતી.

અંતે પતિ અને સાસરીયા પક્ષને તેમની ભૂલ સમજાતા તેમણે માફી માગી હતી અને બાળકને તેમના માતાને રાજી ખુશીથી સોંપી દીધુ હતું. તેમજ કુશળ કાઉન્સિલિંગ દ્વારા ઘરેલું સમસ્યાનું પણ સમાધાન કરાવેલ હતું. હાલ પીડિતા થોડો સમય પિયરમાં રહેવા માંગતા હોવાથી પિયરમાં મોકલી દેવામાં આવ્યા હતા અને સાસરીયાપક્ષના થોડા દિવસ બાદ રાજીખુશીથી તેડી જવાની તૈયારી બતાવેલ, પીડિતા મહિલાની આંખોમાંથી પણ હરખના આંસુ સરી પડયા હતા અને ૧૮૧ની ટીમનો આભાર માન્યો હતો. આમ, ૩૬ કલાકથી વધુ સમયથી માતાથી વિખૂટા પડેલા સંતાનનું ૧૮૧ અભયમ ટીમ દ્વારા મિલન કરાવાયું હતું.

### અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે જિલ્લા ટાસ્કફોર્સ ઇમ્યુનાઈઝેશન (રસીકરણ)ની બેઠક યોજાઈ

## આગામી સમયમાં મિશન ઇન્દ્રધનુષ ૫.૦ શરૂ કરવામાં આવશે

અમરેલી, તા. ૨૮

જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ)ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રૂટિન ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આગામી સમયમાં રાજય સરકાર દ્વારા મિશન ઈન્દ્રધનુષ ૫.૦ શરૂ કરવામાં આવશે જે કામગીરી ત્રણ રાઉન્ડમાં પૂર્ણ કરવામાં આવશે. આ બેઠકમાં MR એલિમિનેશન અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં રૂટિન રસીકરણ કામગીરી નિયમિત ધોરણે કરવામાં આવી રહી છે. બેઠકમાં ઈન્દ્રધનુષ મિશન ૫.૦ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં નિયમિત પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત નિયમિત રીતે રસીકરણ કામગીરી




કરવામાં આવે છે. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા આરોગ્ય અધિકારી, સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોટડાપીઠા, બાબરા, અમરેલી, બગસરા, વડિયા, જાફરાબાદ સહિતનાં વિસ્તારોમાં વરસાદ

# અમરેલી જિલ્લામાં સાર્વત્રિક મેઘરાજાની સટાસટી

અર્ધાથી લઈને ત્રણ ઈંચ જેટલા વરસાદથી ચેકડેમ, તળાવો અને નદીઓમાં નવા નીરની ભરપૂર આવક

વાવણીલાયક વરસાદ થતાં જગતાત ગણાતા ખેડૂતોનાં હૈયે ઠંડક ફરી વળી

ભારે વરસાદથી અનેક ગામો અને શહેરોનાં માર્ગો પર પાણી દોડતા થયા

આગામી કલાકોમાં પણ મેઘાવી માહોલ છવાયેલ રહેશે તેવું હવામાન વિભાગનું અનુમાન



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં આજે સતત ચોથા દિવસે પણ હળવાથી લઈને ભારે વરસાદ પડવાનાં વાવડ મળી રહ્યા છે. અમરેલીમાં બપોરનાં સમયે અચાનક ધસી આવેલ ઘટાટોપ વાદળો વચ્ચે રીમઝીમ વરસાદ થયો હતો. તેમજ વડિયા, બાબરા, જાફરાબાદ સહિતનાં અનેક વિસ્તારોમાં અર્ધાથી લઈને સાડા ત્રણ ઈંચ વરસાદ પડતાં સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયું છે.

અમરેલી જિલ્લામાં આજે ફરી જામ્યો છે વરસાદી માહોલ. જેમાં જાફરાબાદ કોસ્ટલ બેલ્ટના વિસ્તાર તથા જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારમાં લોર, હેમાળ, દુધાળા, પીંછડી, ફાચરીયા, એભલવડ, છેલણા, ભાડા, ટીંબી ગામમાં ધીમીધારે મેઘો મહેર કરી રહ્યો છે.

રાજુલા કોસ્ટલ બેલ્ટના ગામડાઓમાં તથા રાજુલાના હિંડોરણા, ખાખબાઈ, કડીયાળી, માંડરડી, વિસળીયા, દાતરડી ગામમાં પણ ધીમીધારે વરસાદથી જગતના તાત ખુશખુશાલ જોવા મળી રહ્યો છે.

લાઠી પંથકમાં ધીમીધારે મેઘ સવારી શરૂ થતાં લાઠી, દામનગર

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લામાં સવારે ૬ થી રાત્રીનાં આઠ વાગ્યા સુધીમાં પડેલ વરસાદની વિગત

કુંકાવાવ–વડિયામાં ૮૯ મી.મી. (૧૭૧), બાબરામાં ૧૧ મી.મી. (૮૫), લાઠીમાં ૫ મી.મી. (૭૩), લીલીયામાં ૧૦ મી.મી. (૮૬), અમરેલીમાં ૧૩ મી.મી. (૧૩૦), બગસરામાં ૩૫ મી.મી. (૧૨૩), ધારીમાં ૪ મી.મી. (૧૦૨), સાવરકુંડલામાં ૩ મી.મી. (૧૪૨), ખાંભામાં ૧૩ મી.મી. (૧૫૨), જાફરાબાદમાં ૨૨ મી.મી. (૭૬), રાજુલામાં ૬ મી.મી. (૮૧)

## બગસરા નજીક આવેલ

# ખારી–ખીજડીયા ગામે પતિએ પછી પૈસા આપવાની વાત કરતાં પત્નીએ કર્યો આપઘાત

અમરેલી, તા. ૨૮

બગસરા તાલુકાનાં ખારી–ખીજડીયા ગામે રહેતા યમુનાબેન શૈલેશભાઈ મકવાણાનાં દિયરને તેણીના પતિએ રૂા. ૧૦૦ આપેલ. જેથી તેણીને સારૂ નહી લાગતા તેણીએ પણ પોતાના પતિ પાસે પૈસા માંગતા પતિ શૈલેશભાઈ મકવાણાએ પૈસા મારી પાસે હાજરમાં નથી પગાર આવશે એટલે તને હું પૈસા આપીશ. તેમ કહેતા તેણીને લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેણીનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## શહેર કોંગ્રેસનાં મહામંત્રી હિતેશભાઈ જયાણીનો વેધક પ્રશ્ન

# સાવરકુંડલાનાં ધારાસભ્યએ તેમનાં કાર્યાલય નજીક રાતોરાત માર્ગ બનાવતાં આશ્ચર્ય ફેલાયું

## કયાં પ્રકારની પ્રક્રિયાનું પાલન થયું તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં ભારતીય જનતા પાર્ટી શાસિત નગરપાલિકા દ્વારા છેલ્લા અઢી વર્ષથી સત્તા પર છે અને ધારાસભ્ય તરીકે છેલ્લા છ મહિનાથી મહેશભાઈ કસવાલા ચૂંટાઈને આવ્યાનાં સમયગાળા દરમ્યાન એક પણ શહેરમાં વિકાસનું કામ કરવામાં આવેલ નથી અને પાલિકામાંથી પોતાનું પર્સનલ કામ કરાવી લોકોને લીલા ચશ્માં પહેરાવી સુકેલું ઘાસ લીલું બતાવવાના પ્રયત્ન કરી રહ્યા હોવાથી સાવરકુંડલા શહેર કોંગ્રેસનાં મહામંત્રી હિતેશ જયાણી



લાલઘૂમ થયા છે.

સાવરકુંડલા શહેરની જનતા પોતાના વિસ્તારમાં રોડ રસ્તા બાબતે પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહી છે, અને પોતાની ગલ્લી મોહલ્લામાં પાકાં રોડ બનાવવા બાબતે અવાર નવાર પાલિકા ના સત્તાધીશો પાસે ધક્કા ખાઈ રહી છે. જેના બદલામાં પાલિકાના સત્તાધીશો છેલ્લા અઢી વર્ષથી લોકોને તમારું કામ મંજુરી અર્થે ઉપર મોકલેલ છે, ટેન્ડર પ્રક્રિયામાં છે, ગ્રાન્ટ નથી તેવા ગોળ ગોળ જવાબ આપી હવે ટૂંક સમયમાંજ

અનુસંધાન પાના ૬ ઉપર

## એક મુસ્લિમ શ્રમિકનાં દીકરાએ કવિ દાદની કવિતાને જીવી બતાવી

# બાપ માલેતુજારને ત્યાં કામ કરે... ને દીકરો માલેતુજારોનાં સંતાનોને સ્પેનિશ લેન્ગવેજ શીખવે

ચીલે ચીલે તો પૈડાં ચાલે... તું તો ચેતક છો, જરા આમ આડો ફંટાઈને આવ ને..! : કવિ દાદ



**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૮

સ્વ.કવિદાદે આ કવિતામાં ઈર યુવાન પાસેથી શું ઈચ્છા રાખે છે, તેની વાત કરી છે. સામાન્ય રીતે યુવાનો પોતાનો અભ્યાસ વર્ષોથી જે ચીલાચાલુ પદ્ધતિ ચાલી આવતી હોય તે ઘરેડમાં જ ભણ્યા કરતા હોય છે. પછી તેમાં જ સંતોષ માની લેતા હોય છે. પરંતુ આવા લાખોમાંથી એકાદ હીરો આફીદીનશેખ જેવો નીકળે. જેણે બીજાના ચીલે ચીલે ચાલવાને બદલે પોતે પોતાનો અલગ જ ચીલો પાડયો અને હવે બીજા આફિદીનનાં ચીલે ચાલશે.

સાવરકુંડલાનાં નુરાનીનગરમાં રહેતાં અને લોખંડના કારખાનામાં મજૂરી કરતા મુસ્લિમ શેખ ફારૂકભાઈ મહમદભાઈનાં બે દીકરાઓમાં મોટો દીકરો પ્રાથમિક અને માધ્યમિક પાયાનું શિક્ષણ સનરાઈઝ સ્કૂલમાં મેળવેલ. તે સમય દરમિયાન જ હિરાપારખું પ્રતાપભાઈ ખુમાણની દ્રષ્ટિ આફિદીન પર પડી અને બીજા કરતા જુદી માટીનો દેખાણો. સમયે સમયે જરૂરી માર્ગદર્શન અપાતું ગયું. સૌરાષ્ટ્ર યુનવર્સિટીમાંથી એમ.એસ.સી. વિથ મેથેમેટિકસ ડીસ્ટીગશન સાથે ગ્રેજયુએટ થયો. ત્યારબાદ અચાનક તેનું ધ્યાન સ્પેનિશ લેન્ગવેજ તરફ ખેંચાયું. પોતે નેટ મારફત જાતે જ અભ્યાસ ચાલું કર્યો અને અનુભવ્યું કે અંગ્રેજી સાથે આ ભાષા મળતી આવે છે. પૂરી તૈયારી સાથે સ્પેનની રાજધાની મેડ્રિડ સ્થિત instituto Cervantes દ્વારા DELE B1 (diploma in Spanish as a foreign language) રાજસ્થાનનાં જયપુર શહેરમાં માનસરોવરમાં આવેલ ટાગોર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ રાજયોમાંથી આવેલા સેંકડો વિદ્યાર્થીઓએ આ B1 લેવલની એકઝામ આપી જેમાં શેખ આફિદીન

અનુસંધાન પાના ૬ ઉપર


LG BEST SHOP

INTRODUCING THE NEW RANGE OF LG SIDE-BY-SIDE REFRIGERATORS

STUNNINGLY STYLISH



LG InstaView Door-in-Door

મુકુંદરાય એન્ડ બ્રધર્સ

કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77


## પોલીસ અધિક્ષકની સુચનાથી એસ.ઓ.જી.નો સપાટો

# રામપરા–૨ ગામેથી માદક પદાર્થ સૂકા પોષ ડોડાનાં ખાલી ખોખા અને ભુક્કો ઝડપાયો


અમરેલી, તા. ૨૮

પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં રામપરા–૨ ગામેથી ગેરકાયદેસર માદક પદાર્થ સુકા પોષ

અનુસંધાન પાના ૬ ઉપર




Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.) ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને દુખી કરે છે. 1 જીદ 2 અભિમાન

જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને સુખી કરે છે. 1 Let Go 2 Compromise

95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)